સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

છઠ્ઠું નોરતું
Happy Navratri

વર્ષ : ૪૭ અંક : ૨૬૦ જૂનાગઢ તા.૨૦-૧૦-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 260, Junagadh : Date : 20 October, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

## મધ્યપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે ત્રીજી ઉમેદવાર યાદી જાહેર કરી

નવી દિલ્હી : કોંગ્રેસે ગુરુવારે મોડી રાત્રે મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે બીજી યાદી જાહેર કરી. બીજી યાદીમાં કોંગ્રેસ દ્વારા ૮૮ ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે. નવરાત્રિના પહેલા દિવસે મધ્યપ્રદેશ ચૂંટણીમાં કોંગ્રેસ દ્વારા પ્રથમ યાદી બહાર પાડવામાં આવી હતી.

## અયોધ્યામાં રામમંદિરને સ્વર્ણજડિત કરાશે



અયોધ્યા તા. ૨૦
દિપાવલી નજીક આવતા જ અયોધ્યા હવે ભગવાન શ્રીરામના નવનિર્મિત ભવ્ય મંદિરના પુનઃસ્થાપન તથા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારીમાં છે અને આ દિપાવલી અને આગામી વર્ષે જાન્યુઆરીમાં તા.૨૪ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હસ્તે રામલલ્લાની મૂર્તિઓના પૂજન વગેરેની તૈયારીઓ થઈ રહી છે.

મંદિર નિર્માણમાં સોનાની ઈંટોની પણ ભેટ મળી હતી. ઉપરાંત દેવદેવીઓ માટે સોનાના આભૂષણોનો પણ પ્રવાહ આવી રહ્યો છે. આ તમામ આભૂષણોને સાચવવા અને તેની ગણતરી રાખવી અશકય છે તેથી તેનું ઈંટમાં રૂપાંતર કરી દેવાશે અને જે ગર્ભગૃહ છે તેના ૧૪ દ્વારોને સુવર્ણ જડિત કરવાની કામગીરી મુંબઈના એક મોટા સ્વર્ણ કારોબારીએ ઉપાડી લીધી છે અને તે કામગીરી હવે શરૂ થશે.

## શ્રીનગરનાં લાલચોકમાં ઈતિહાસ રચાયો ઘંટાઘર ક્ષેત્રમાં હનુમાન ચાલીસાનાં પાઠ થયા

શ્રીનગર, તા.૨૦: જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં ઈતિહાસ રચાયો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે શ્રીનગરના લાલ ચોક પર જન્મભૂમિ રથયાત્રા પહોંચી અને લાલ ચોકના ઘંટાઘર ક્ષેત્રમાં પહેલી જ વખત પૂજા કરવામાં આવી હતી. તે સાથે સાથે જ હનુમાન ચાલીસાનો પાઠ પણ કરવામાં આવ્યો હતો. કાશ્મીરના ઈતિહાસમાં પહેલી જ વખત આ પ્રકારની રથયાત્રા અને પૂજાનું શ્રીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. લાલ ચોકની આસપાસ હાજર પર્યટકોએ આ પૂજામાં ભાગ લીધો હતો.

# કચ્છનાં ધોરડો ગામને વિશ્વ પર્યટન યાદીમાં સ્થાન અપાયું

## વિશ્વ પર્યટન સંગઠને દુનિયાભરનાં ૫૪ ગામોની યાદી તૈયાર કરી તેમાં કચ્છનાં ધોરડોને સ્થાન મળ્યું

ભૂજ તા. ૨૦
કેવડીયાથી કચ્છ, ગુજરાત હવે વૈશ્વિક પર્યટનના નકશામાં મહત્વના સ્થાને પહોંચી ગયું છે અને વિશ્વ પર્યટન સંગઠને ગુરુવારે પર્યટનની નજરે દુનિયાભરના જે ૫૪ ગામોની યાદી તૈયાર કરી છે. તેમાં કચ્છના ધોરડોનો પણ સમાવેશ થાય છે.

આ યાદી એવા ૫૪ ગામોની છે જયાં વર્ષના મોટાભાગના સમયમાં પ્રવાસન ધબકે છે. ભુજથી ૮૦ કી.મી. દુર ધોરડો ગામ તેની અહીના સિંધ અને મુતવા સમુદાયના લોકોની હસ્તકલાથી પણ પ્રભાવી છે. આ યાદીમાં વિશ્વના ૨૬૦ ગામોનો પ્રસ્તાવ હતો. જેમાં ૫૪ પસંદ થયા અને તેમાં ધોરડોને પણ સ્થાન મળ્યું.

કચ્છ રણોત્સવ બાદ સૌથી વધુ આકર્ષણ ધરાવતા પ્રવાસનની યાદીમાં આવી ગયુ છે.

રણોત્સવનો પ્રારંભ તા.૧૫ ડિસેમ્બરથી થશે અને તે સમયે ધોરડોનો વિશ્વ પર્યટનના નકશા પર તેને સ્થાન મળતા જ હવે અહી સ્થાનિક હસ્તકલા જે સોળ-દોરાથી થતી કૃતિઓ માટે જાણીતું છે તેને પણ વૈશ્વિક મંચ મળશે.



# દેશની પ્રથમ નમો ભારત રેપિડ ટ્રેનનું વડાપ્રધાનનાં હસ્તે શુભારંભ

નવી દિલ્હી, તા.૨૦: વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે દેશની પ્રથમ રેપિડ રેલ નમો ભારતનો શુભારંભ કર્યો હતો. વડાપ્રધાન આજે ગાઝિયાબાદથી ટ્રેનને લીલી ઝંડી આપી હતી. મેટ્રો રેલ સેફ્ટી કમિશનરની મંજૂરી મળ્યા બાદ ઉદઘાટનની તારીખ નક્કી કરવામાં આવી હતી.દિલ્હીથી મેરઠ વચ્ચેના કોરિડોરના પ્રથમ તબક્કામાં આ ટ્રેન સાહિબાબાદ અને દુહાઈ વચ્ચે ૧૭ કિલોમીટરનું અંતર કાપશે. ૮૨ કિલોમીટરના કોરિડોર પર ચાલનાર આ ટ્રેનને આજે શુક્રવારે લીલીઝંડી અપાયા બાદ થોડા જ દિવસોમાં તેમાં સામાન્ય લોકો મુસાફરી કરી શકશે. નમો ભારત ટ્રેન ૨૦૨૫ સુધીમાં દિલ્હીના સરાય કાલે ખાન અને મેરઠના માદીપુરમ સ્ટેશન વચ્ચે પણ દોડે તેવું આયોજન પ્રગતિ હેઠળ છે.

હાલની સ્થિતિએ આ રેપિડ ટ્રેન સાહિબાબાદથી સફર ખેડશે. તે ગાઝિયાબાદ, ગુલધર થઈને ૧૫ થી ૧૭ મિનિટમાં દુહાઈ ડેપો પહોંચશે. આ ટ્રેન અત્યંત લકઝરીયસ લુક ધરાવે છે. મુંબઈમાં ચાલતી મોનોરેલ, દિલ્હી-એનસીઆર મેટ્રો અને નમો ભારત રેપિડ રેલ સુવિધા અને સલામતીને લઈ ખૂબ અલગતા ધરાવે છે. જેની સ્પીડ એ સૌથી મોટો તફાવત છે.



અત્યંત લકઝરીયસ દેખાવ ધરાવતી રેપીડ ટ્રેનને ગાઝીયાબાદથી લીલીઝંડી બતાવી

# અમેરીકી નેતૃત્વ જ વિશ્વને એકજુથ રાખે છે : હમાસ અને પુતિન એક જેવા છે : બાઈડન

વોશીંગ્ટન તા. ૨૦
ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધનો આજે ૧૪મો દિવસ છે. અમેરિકી રક્ષા મંત્રાલયે કહ્યું છે કે લાલ સમુદ્રમાં તહેનાત અમેરિકન યુએસએસ કાર્ની વોરશિપે ૩ મિસાઈલોને ધ્વસ્ત કરી છે. પેન્ટાગોને અહેવાલ આપ્યો છે કે યમનના હુતી બળવાખોરોએ ૩ મિસાઈલો અને અનેક ડ્રોન છોડ્યા છે. હુતી બળવાખોરો ઈઝરાયલ પર હુમલો કરવાની યોજના બનાવી રહ્યા હોવાની આશંકા વ્યક્ત કરીને તેઓ યમનથી ઉત્તર તરફ આગળ વધી રહ્યા હતા.

આ દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ બાઈડને ગતરાત્રે વ્હાઈટ હાઉસથી રાષ્ટ્રને સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું- હમાસ અને પુતિન વચ્ચે સામાન્ય વાત એ છે કે બંને પોતાના પડોશમાં મોજૂદ લોકતંત્રને ખતમ કરવા માગે છે.

તેમણે કહ્યું કે જો અમેરિકાએ પીછેહઠ કરી અને હુમલાવરો સફળ થઈ ગયા, તો બીજા લોકો પણ ભવિષ્યમાં આવી કોશિશ કરી શકે છે, જેથી વિશ્વના અનેક ભાગમાં સંઘર્ષનું જોખમ વધી જશે. બાઈડને કહ્યું- હમાસ દુનિયામાં દુષ્ટતા ફેલાવવા માગે છે. આ સમયે મારા માટે સૌથી મહત્ત્વનું કામ બંધક બનાવવામાં આવેલા અમેરિકન નાગરિકોને મુક્ત કરવાનું છે.

બાઈડને કહ્યું કે અમેરિકી નેતૃત્વ જ છે જે વિશ્વને એકજૂટ રાખે છે. અમેરિકી ગઠબંધન જ અમેરિકાને સુરક્ષિત રાખે છે. અમેરિકી મૂલ્યો જ છે આપણને ભાગીદાર બનાવે છે જે અન્ય દેશો સાથે કામ કરવા માગે છે. અમેરિકા વિશ્વ માટે પ્રકાશ સમાન છે. રાષ્ટ્રપતિ બાઈડને કહ્યું કે તેઓ શુક્રવારે અમેરિકી સાંસદોને યુક્રેન અને ઈઝરાયલને મદદ કરવા માટે જંગી ભંડોળ મંજૂર કરવા અપીલ કરશે.

# કેનેડાએ ભારતમાં હાજર તેના ૪૧ ડીપ્લોમેટને પાછા બોલાવી લીધા

ટોરેન્ટો, તા.૨૦:
કેનેડા-ભારત વિવાદ વચ્ચે હવે એક મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, કેનેડાએ ભારતમાં હાજર તેના ૪૧ રાજદ્વારીઓને પાછા બોલાવ્યા છે. ભારત દ્વારા ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાનો આરોપ લગાવ્યા બાદ બંને દેશોના સંબંધોમાં તણાવ સર્જાયો હતો. કેનેડાના વિદેશ પ્રધાન મેલાની જોલીએ સ્થાનિક સમય અનુસાર ગુરુવારે રાજદ્વારીઓને બોલાવવાની માહિતી આપી હતી. તેમણે એમ પણ કહ્યું કે, કેનેડા બદલો લેશે નહીં.

વાસ્તવમાં કેનેડાના વિદેશ પ્રધાનની વળતી કાર્યવાહીનો અર્થ ભારતીય રાજદ્વારીઓને દેશ છોડવાનો આદેશ આપવાનો છે. વિદેશ મંત્રી જોલીએ કહ્યું કે, ભારતે રાજદ્વારીઓને શુક્રવાર સુધીમાં દેશ છોડી દેવાનો આદેશ આપ્યો છે. તેને કહેવામાં આવ્યું હતું કે, જો તે આમ નહીં કરે તો તેનો રાજદ્વારી દરજ્જો રદ કરી દેવામાં આવશે. તેમણે કહ્યું કે, ભારતનું આ પગલું અયોગ્ય છે અને રાજદ્વારી સંબંધો પર વિયેના કન્વેન્શનનું સ્પષ્ટ ઉલ્લંઘન છે.

# લેપટોપ, કોમ્પ્યુટર સહિતનાં ઈ-ગેઝેટની આયાત માટે ઓનલાઈન મંજુરી ફરજીયાત

નવી દિલ્હી તા. ૨૦
લેપટોપ-કોમ્પ્યુટર સહિતના ઈ-ગેઝેટ આયાતના મુદે સતત દ્વીધા અનુભવી રહેલી મોદી સરકારે હવે આ પ્રકારની આયાતને નિયંત્રીત કરવાના એક નિર્ણયમાં હવે ઈ-ગેઝેટ આયાતના લાયસન્સના ધારાધોરણોમાં બદલાવ કર્યા છે અને હવે વૈશ્વિક ઉત્પાદનોના આયાતકારોએ તેમના આયાત માટે ઓનલાઈન મંજુરી લેવી જરૂરી ગણાશે.

ડાયરેકટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા આ અંગે જણાવાયું કે, આ નવી વ્યવસ્થાનો મુખ્ય ઉદેશ આ પ્રકારની આયાત પર 'નજર' કે 'નિયંત્રણ' રાખવાનું છે અને તે નિશ્ચિત કરવું પડશે કે વિશ્વાસપાત્ર ચેનલ અને સ્ત્રોત મારફત જ આવે છે.

તેઓએ કહ્યું કે, અગાઉ આયાત પર જે સીધા અંકુશ લગાવાયો તેની જે આયાતકાર તથા વપરાશકારની મોટી લોબીએ ચિંતા દર્શાવી હતી અને તેમાં હવે આ સુધારાથી કોઈ લાંબી વહીવટીપ્રક્રિયા વગર મંજુર થશે. આ સીસ્ટમ તાત્કાલીક અસરથી લાગું થઈ છે. જેમાં કોઈ પણ પ્રકારની વધારાની કાર્યવાહીથી લેપટોપ, પર્સનલ કોમ્પ્યુટર, માઈક્રો કોમ્પ્યુટર, મેનફ્રેમ કોમ્પ્યુટર અને કેટલીક ડેટા પ્રોસેસીંગ મશીન પર લાગુ થયુ છે.

આ માટેના એક પોર્ટલ જે આયાત વિભાગની સીસ્ટમમાં ત્યાં જે તે ઈ-ગેઝેટ આયાતની સંખ્યા, કિંમત કે તે કયા દેશ માટેની આયાત થાય છે તેના પર કોઈ પ્રતિબંધ નથી અને ૧૦ મીનીટમાંજ વિગતો આપવાની મંજુરી મળી જશે.

## નોકીયાને પણ મંદી નડી ૧૪000 કર્મચારીઓની છટણી કરશે

ન્યુયોર્ક, તા.૨૦: એક સમયે વિશ્વમાં સૌથી મજબૂત અને ટકાઉ ફોન બનાવવા માટે જાણીતી કંપની નોકિયા માટે મંદીમાં ટકી રહેવું મુશ્કેલ બન્યું છે. નોકિયા ભયંકર આર્થિક પ્રેશરનો સામનો કરે છે અને તેમાંથી બહાર નીકળવા માટે કંપનીએ ખર્ચ કાપ કરવાનો નિર્ણય લીધો છે. કોસ્ટ કટિંગના પગલાંના ભાગરૂપે નોકિયા આગામી દિવસોમાં ૧૪,૦૦૦ લોકોને નોકરીમાંથી છૂટા કરશે.

ફિનલેન્ડની ટેલિકોમ્યુનિકેશન કંપની નોકિયાએ જાહેરાત કરી છે કે અમેરિકા જેવા માર્કેટમાં 5G ઈક્વિપમેન્ટનું વેચાણ ધીમું પડવાના કારણે તેણે ૧૪,૦૦૦ લોકોને છૂટા કરવા પડશે. કંપની પોતાના ઘટતા સેલ્સથી પરેશાન છે અને ત્રીજા કવાર્ટરના આંકડા ચિંતાજનક આવ્યા છે.

## ગાઝામાં ચર્ચ પર હુમલો : ૮નાં મોત



ગાઝાપટ્ટી, તા.૨૦: ઈઝરાયેલના ગાઝા વિસ્તારમાં હુમલા ચાલુ છે. ગાઝા પટ્ટી પર હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા, જેમાં દક્ષિણનો વિસ્તાર પણ સામેલ છે. આ તે વિસ્તાર છે જયાં પેલેસ્ટાઈનના નાગરિકોને આશ્રય લેવા માટે કહેવામાં આવ્યું હતું. અન્ય એક જગ્યાએ પણ જોરદાર વિસ્ફોટ થયો હતો જયાં લોકોએ આશ્રય લીધો હતો. આ વિસ્ફોટ ગાઝા શહેરમાં સ્થિત ગ્રીક ઓર્થોડોક્સ ચર્ચમાં થયો હતો. પેલેસ્ટિનિયન ન્યૂઝ એજન્સી વાફા અનુસાર, જે ચર્ચ પર હુમલો કરવામાં આવ્યો તે ગાઝાના અલ-ઝાયતૌન વિસ્તારમાં સ્થિત છે અને તેનું નામ સેન્ટ પોર્ફિરિયસ છે. એજન્સી અનુસાર, ગ્રીક ઓર્થોડોક્સ ચર્ચમાં મળત્યુઆંક વધીને આઠ થઈ ગયો છે. જયારે અન્ય ડઝનેક લોકો ઘાયલ થયા છે. હુમલામાં માર્યા ગયેલાઓમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ છે.

મહાયોગી વિરેચન ચૂર્ણ
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦
૯૪૨૯૭ ૭૫૦૭૫

ખોડલધામ ટુર
સ્લીપર બસ દ્વારા
તા. ૧૦-૧૧-૨૦૨૩
ભાઈબીજથી ટુર ઉપડશે
દિવસ-૪૦
જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જયોતિર્લિંગ યાત્રધામ
રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર,
તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે
એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે - એક વખત ચારધામની યાત્રા કરી જીવન સાર્થક બનાવો
વહેલા તે પહેલાનાં ધોરણે
: બુકીંગ સંપર્ક :
મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી
૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે
ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..
નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે
:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ
૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-
ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે
આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી
સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...


નવરાત્રીની હાર્દિક શુભેચ્છા....
એક્ટિવ ઓર્થોપેડીક હોસ્પિટલ
ડૉ. નિકુંજ કુંમર
જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડીક સર્જન
+૯૧ ૯૦૯૯૮૮૮૬૧૦
ડૉ. મૌલિક ભાલોડીયા
જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડીક સર્જન
+૯૧ ૯૦૯૯૮૯૮૬૧૦
માતૃત્વ વુમન્સ હૉસ્પિટલ
DEDICATED TO WOMEN'S HEALTH
ડૉ. ઋજુલબેન ગજેરા કુંમર
M.B.B.S., M.B.D.G.O. ગાયનેક (સ્ત્રી રોગ નિષ્ણાત)
સ્ત્રી રોગ, પ્રસુતિ તથા વંધ્યત્વ નિષ્ણાંત
+ ૯૧ ૭૦૧૬૪૨૨૯૮૦
આસ્થા કોમ્પલેક્ષ, કાકા કોમ્પલેક્ષની બાજુમાં, ઝાંસીની રાણીના પુતળાની સામે, સરદાર બાગ, જૂનાગઢ

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા+ યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જૂના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૩૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

# જૂનાગઢનાં ડૉ. પિયુષ બોરખતરીયાની વધુ એક સિધ્ધી : ગુજરાતના રિપ્રેઝેન્ટેટીવ તરીકે વરણી

## નાગપુર ખાતે યોજાયેલી ઓલ ઈન્ડિયાના ચામડીના નિષ્ણાંત ડોકટરોની કોન્ફરન્સમાં નિર્ણય : અભિનંદનની વર્ષા







(જગડુશા ડી. નાગ્રેચા દ્વારા)

જૂનાગઢ તા.૨૦

તાજેતરમાં નાગપુર ખાતે ઓલ ઈન્ડિયાના ચામડીના નિષ્ણાંત ડોકટરોની એક મહત્વની કોન્ફરન્સ યોજવામાં આવી હતી અને જેમાં જૂનાગઢના જાણીતા ડો. પિયુષ બોરખતરીયા(સ્કીન સ્પેશ્યાલીસ્ટ, ચાંમડીના નિષ્ણાંત)ની સેન્ટ્રલ કાઉન્સીલમાં મેમ્બર તરીકે તેમજ ગુજરાતના રિપ્રેઝેન્ટેટીવ તરીકે વરણી કરવામાં આવતા તેઓની આ નિમણુંકને સર્વત્ર વધાવી લેવામાં આવી છે. એટલું જ નહી નાની ઉંમરે ડો. પિયુષ બોરખતરીયાએ જે સિધ્ધી પ્રાપ્ત કરી છે તે જૂનાગઢ અને ગુજરાત માટે ગૌરવની બાબત છે અને તેઓને અભિનંદનની વર્ષા કરવામાં આવી રહી છે. ગુજરાતનું સૌથી મોટું સ્કીન હેર લેસર કિલનિક જૂનાગઢના આંગણે કાર્યરત છે. એસ્થે કાયા કલ્પ સ્કીન, હેર, લેસર અને હેરટ્રાન્સપ્લાન્ટ કિલનિકનું નામ આજે સર્વત્ર ગુંજી રહ્યું છે. આ કિલનિકના હેડ ડો. પિયુષ બી. બોરખતરીયા(એમડી(સ્કીન) એન્ડ વીડી) તેમજ ડો. મિતલ પી. બોરખતરીયા(એમબી ડીસીપી)ના માર્ગદર્શન હેઠળ ચામડીને લગતા તમામ પ્રકારના રોગોની સફળ ટ્રીટમેન્ટ કરવામાં આવી રહી છે. ખીલ જેવી સમસ્યાથી છુટકારો, ટાલ જેવી સમસ્યાથી છુટકારો, અણગમતા વાળથી છુટકારો, મોઢાની કાળાશ, દાઝેલા અને બળેલા ચહેરાની સર્જરી સહિતના સફળ ઉપચારો થઈ રહ્યા છે. ઝાંઝરડા બાયપાસ રોડ ઉપર ગોલ્ડન ટ્રેડ સેન્ટર પાસે એસ્થે કાયા કલ્પ કિલનિક આવેલું છે. તાજેતરમાં જ દેશના ઔધોગિક ક્ષેત્રના ટાઈકુન અંબાણી પરિવારના રાધીકા મર્ચન્ટે એક મુલાકાત લીધી હતી અને અધતન ટેકનોલોજીથી ખુબ જ પ્રભાવિત થયા હતા. દરમ્યાન તાજેતરમાં નાગપુર ખાતે ઓલ ઈન્ડિયાના ચામડીના નિષ્ણાંત ડોકટરોની કોન્ફરન્સ યોજવામાં આવી હતી અને ગુજરાતમાંથી પાંચ ડોકટરોને આમંત્રણ આપવામાં આવેલ હતું. જેમાં જૂનાગઢના ડો. પિયુષ બોરખતરીયાનો સમાવેશ થતો હતો. આ કોન્ફરન્સમાં ૧૫૦૦ ડોકટરો ઉપસ્થિત રહ્યા હતા અને જેમાં ડો. પિયુષ બોરખતરીયાનું લેકચર અને વર્કશોપ યોજાયો હતો. એક ટીચર એકસપર્ટ તરીકે તેઓએ પ્રભાવશાળી પ્રવચન આપ્યું હતું અને એટલું જ નહી લેસર જેવી લેટેસ્ટ ટેકનોલોજી અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમજ મોઢા ઉપરના ખીલ, કાળાશ, દાઝેલાની સારવાર વિગેરે બાબતે કેવી રીતે સારવાર કરી શકાય તે અંગેનું લાઈવ ડેમોસ્ટ્રેશન આપ્યું હતું. એટલું જ નહી અધતન મશીનરીથી કઈ રીતે સારવાર શકય બને છે તે અંગે પણ દર્શાવવામાં આવ્યું હતું. ઓલ ઈન્ડિયાના ટોચના ૧૫૦૦ તબીબોની વચ્ચે ગુજરાતના તેમાંય ખાસ કરીને જૂનાગઢના ડો. પિયુષ બોરખતરીયાને આ કોન્ફરન્સમાં સ્થાન મળ્યું અને તે પણ નિષ્ણાંત તરીકે તે ગુજરાત માટે ગૌરવની બાબત છે. આ સાથે જ સેન્ટ્રલ કાઉન્સીલના મેમ્બર તરીકે પણ માન ભર્યું સ્થાન આપવામાં આવેલ છે અને એનાથી આગળ જતા ગુજરાતના રિપ્રેઝેન્ટેટીવ તરીકે તેઓની નિમણુંક થતા એ જૂનાગઢ માટે ગૌરવની બાબત છે અને ડો. પિયુષ બોરખતરીયાની આ ઝળહળતી સિધ્ધીને કારણે તેમની યશ કલગીમાં વધુ એક પીછું ઉમરાયું છે.

# સુત્રાપાડા ખાતે ડો.ભરતભાઈ બારડ શૈક્ષણિક સંકૂલમાં તાલુકા કક્ષાનું ગણિત વિજ્ઞાન પ્રદર્શન-૨૦૨૩ની શરૂઆત કરાવતાં પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ





(પ્રતિનિધી દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨૦

ગીર સોમનાથ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તેમજ જિલ્લા શિક્ષણાધિકારી ના માર્ગદર્શન હેઠળ સુત્રાપાડા ડો ભરત બારડ શૈક્ષણિક સંકૂલમાં તાલુકા કક્ષાનું ગણિત વિજ્ઞાન પ્રદર્શન – ૨૦૨૩ યોજવામાં આવેલ જેમાં આજે મનુષ્ય ગૌરવ દિન નિમિતે શ્રીમદ ભગવત ગીતાજી ને છેવાડાના માનવી સુધી પહોંચાડી લોકોને કર્મોના સિધ્ધાંત ઉપર જીવતા શીખવનાર પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજી ની જન્મ જયંતિ નિમિતે તેઓને વંદન કરી દીપ પ્રાગટ્ય સાથે સુત્રાપાડા ના વતની અને ડો ભરત બારડ શૈક્ષણિક સંકૂલ આધ્યસ્થાપક અને ગુજરાત રાજ્ય ના પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ ના વરદ હસ્તે સુત્રાપાડા ગગન એસ.વી.એસ. કક્ષાનું ગણિત વિજ્ઞાન પ્રદર્શન ખુલ્લુ મૂકવામાં આવ્યું હતું. સુત્રાપાડા તાલુકાની સુત્રાપાડા, ધામળેજ, વડોદરા ઝાલા , પ્રશ્નાવડા, પ્રાંસલી, ગોરખમઢી મોડેલ સ્કૂલ માધ્યમિક સ્કૂલો માંથી ૧૯ જેટલી શ્રેષ્ઠ કૃતિઓ બાળ વેજ્ઞાનિકો દ્વારા પ્રદર્શન કરવામાં આવેલ જેમાંથી શ્રેષ્ઠ કૃતિ જિલ્લા કક્ષાએ રજૂ થશે. આ તકે જશાભાઈ બારડે પોતાના પ્રાસંગિક પ્રવચન માં જણાવેલ કે વિધાર્થીઓમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ કેળવાય અને વિધાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ કેળવાય અને એ હેતુથી બાળ વેજ્ઞાનિકો તૈયાર થાય, આજના યુગમાં વધતાં જતાં પર્યાવરણ સમસ્યાઓનું નિવારણ થાય અને લોકો જાગૃત થાય તે અંગે બાળ-પર્યાવરણ પ્રદર્શન યોજવામાં આવે છે. દરેક શાળાના બાળ વૈજ્ઞાનિકો પોતાની ક્રુતિ રજૂ કરે છે અને ઊતરોતર પ્રગતિ મેળવી તાલુકા કક્ષાએ થી જિલ્લા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ થી રાજ્ય કક્ષાએ પહોંચે તેવી તમામ બાળ વૈજ્ઞાનિકોને મારી હદય થી હાર્દિક શુભેછા. આ પ્રસંગે સુત્રાપાડા નગરપાલિકાના પ્રમુખ રમેશભાઈ વડાંગર , ગીર સોમનાથ જિલ્લા ભાજપ મહામંત્રી દિલિપભાઈ બારડ, સુત્રાપાડા નગરપાલિકા ના ઉપપ્રમુખ નરેશભાઈ કામળીયા, નગરપાલિકા ના સભ્યો કાળાભાઈ બારડ , અરશીભાઈ બારડ , જેસિંગભાઈ મોરિ, શાળાના આચાર્ય જોશી સાહેબ, ગોરખમઢી ના પ્રિન્સિપાલ દેવેન્દ્રભાઈ સોલંકી , માધ્યમિક સંઘના પ્રમુખ હરેશભાઈ મોરિ , કોલેજના આચાર્ય પાઠક સાહેબ,ડૉ. કરગઠીયા જુદી જુદી શાળા માથી આવેલા વિજ્ઞાન શીક્ષકો હાજર રહ્યા હતા અને વિધાર્થીઓ દ્વારા રજૂ કરેલ કૃતિ સર્વે મહેમાનોએ નિહાળી અને પ્રોત્સાહન આપેલ. આ સમગ્ર કાર્યક્રમ નું સંચાલન પિયુષભાઈ કાછેલા એ કરેલ હતુ.

(તસવીરઃ જાદવભાઈ ચુડાસમા, પ્રાંચી તીર્થ)

# આઈ.સી.ડી.એસ. કચેરી તાલાળા દ્વારા સશક્ત દીકરી સુપોષિત ગુજરાત થી આધારિત કિશોરી મેળો યોજાયો






(પ્રતિનિધી દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨૦

તાલાળા તાલુકા આઈસીડીએસ કચેરી દ્વારા સશક્ત દીકરી સુપોષિત ગુજરાત થી આધારિત કિશોરી મેળો નું આયોજન તાલાળા ખાતે યોજાયો હતો તાલાળાના ધારાસભ્ય ભગવાન બારડ તથા તાલુકા પંચાયતના પ્રમુખ પ્રતિનિધિ ગોવિંદભાઈ બારડ ના અધ્યક્ષ સ્થાને યોજાયેલ હતો જેમાં સીડીપીઓ દિવ્યાબેન ડી રામ દ્વારા કાર્યક્રમમાં પધારેલા તમામ મહાનુભવોનું પુષ્પ ગુચ્છ થી અને શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું આઈ.સી.ડી.એસ. કચેરીના કર્મચારીઓ, આંગણવાડી કાર્યકર બહેનો, લાભાર્થીઓ, કિશોરીઓ તથા કિશોરીના વાલીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા આ ઉપરાંત આરોગ્ય શાખામાંથી ડો. ડી બી ગોહિલ તથા સખી વન સ્ટોપ સેન્ટરમાં થી સોલંકી લક્ષ્મીબેન તથા મહિલા અને બાળ વિભાગમાંથી રસીલાબેન કરગઠિયા તથા ૧૦૮ હેલ્પલાઈન નંબરમાંથી સંજનાબેન તથા ગૃહ સુરક્ષા વિભાગમાંથી દક્ષાબેન દેવમુરારી તથા પોલીસ સ્ટાફ વિભાગમાંથી પીન્ટુબેન લાખણોત્રા અને ધારાબેન વાળા ની ઉપસ્થિતિ રહેલ હતી જેઓએ કિશોરીને લગતા પ્રાસંગિક પોતાના પ્રવચન આપેલ તેમજ વિવિધ વિભાગના સ્ટોલ પણ રાખવામાં આવેલ હતા આ કાર્યક્રમનું સંચાલન પુનિતભાઈ સોલંકી, રાજેશભાઈ સોલંકી, અતુલભાઈ અપરનાથી, પ્રદીપભાઈ માકડીયા મુખ્ય સેવિકામાં બહેનોમાં કાજલ બેન પંપાણિયા,ભાવનાબેન ભટ્ટ, કિંજલબેન હળવાની, ભેનીબેન સોલંકી,લતાબેન ડોડિયા દ્વારા કરવામાં આવેલ હતું તથા આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા આંતરરાષ્ટ્રીય મિલેટ્રસ વર્ષ સબબ મિલેટ્રસ અને ટી.એસ.આર ના પ્રસાર માટે જુદી જુદી પૌષ્ટિક વાનગીઓ બનાવી તેનું નિર્દેશન કરવામાં આવ્યું હતું.

(તસવીરઃ જાદવભાઈ ચુડાસમા)

# જૂનાગઢ સક્કરબાગે જયપુર ઝુને સિંહ આપીને બદલામાં ઘડીયાર મગર અને રણ લોકડી મેળવ્યા





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

એનિમલ એકસચેન્જ પ્રોગ્રામ હેઠળ સક્કરબાગ પ્રાણી સંગ્રાહાલય જૂનાગઢમાંથી જયપુર ઝુમાં ૧ જોડી સિંહની(નર-૧, માદા-૧) મોકલવામાં આવી હતી. તેમના બદલામાં જયપુર ઝુ, જયપુર રાજસ્થાન તરફથી ૨ જોડી ઘડીયાર(નર-૨, માદા-૨) અને ૧ જોડી રણ લોકડી(નર-૧, માદા-૧)ની આપવમાં આવી છે. તેમ સક્કરબાગ પ્રાણી સંગ્રાહાલય જૂનાગઢના નિયામક અક્ષય જોશીએ જણાવ્યું હતું.

# માંગરોળમાં પૌરાણિક ભવાની મંદિરના પટાંગણમાં પ્રાચીન ગરબીનો રંગ જામ્યો





(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૦

જૂનાગઢના માંગરોળની મધ્યમાં આવેલ દરબારગઢમાં રાજાશાહી વખતનું અતિપૌરાણિક ભવાની માતાજી મંદિરના પટાંગણમાં અનેક વર્ષોની પરંપરાગત રીતે પ્રાચીન ગરબી આયોજન થાય છે. ત્યારે આ વર્ષે પણ પ્રાચીન ભવાની ગરબીનો રંગ જામ્યો છે. દરરોજ નાની બાળાઓ હસ્તે માતાજીની આરતીથી ગરબા શરૂઆત કરી પ્રાચીન-અર્વાચીન ગરબા ગાયક કલાકારોના મધુર સ્વર અને સંગીતના તાલે તમામ નાની મોટી બાળાઓ, બહેનો દ્વારા ગરબાની રમઝટ બોલાવવામાં આવી રહી છે. માંગરોળના આ અતિપ્રાચીન રાજાશાહી વખતના આ સ્થાન ઉપર શ્રીભવાની માતાજી બિરાજમાન છે જેમાં લોકોને પણ ખુબ જ શ્રદ્ધા અને આસ્થા છે. નવરાત્રી દરમ્યાન હજારો શ્રદ્ધાળુઓ માતાજીના દર્શને ઉમટી પડતા હોય છે. દર વર્ષે જયભવાની ગરબી મંડળ દ્વારા બાળાઓ પાસે કોઈ પણ ફી લીધા વગર પ્રાચીન ગરબીનો સુંદર આયોજન કરાય છે તેમજ દાતાઓના સહયોગથી બાળાઓને દરરોજ અલગ-અલગ નાસ્તો પ્રસાદી અને દશેરાના દિવસે બાળાઓ બહેનોને લાણીરૂપે ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ ગરબીમાં જાણીતા ઉદઘોષક હિતેનદ્રભાઈ જાની છેલ્લા લગભગ ૩૦ વર્ષથી સેવા આપે છે અને ગરબીના સમગ્ર આયોજનને સફળ બનાવવા ભવાની ગરબી મંડળના પ્રમુખ જયેશભાઈ પરમાર સહિત તેમની ટીમના સેવાભાવી સભ્યો દ્વારા સુંદર વ્યવસ્થા ગોઠવી માંશક્તિના આરધના પર્વની શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવી રહી છે.

# જૂનાગઢમાં શ્રી સ્વામીનારાયણ મુખ્ય મંદિર ખાતે ભવ્ય રાસોત્સવનું આયોજન




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢના જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વામીનારાયણ મુખ્ય મંદિર ખાતે આગામી તા.૨૩-૧૦-૨૦૨૩ને સોમવારના સાંજના ૪ થી ૭ દરમ્યાન ભવ્ય રાસોત્સવના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. શ્રી સ્વામીનારાયણ મહિલા મંદિર(ટીંબાવાડી) દ્વારા આયોજીત ભવ્ય રાસોત્સવના કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સિધ્ધેશ્વર મહાદેવ સહિતના દેવો જયાં બિરાજમાન છે તેવા શ્રી સ્વામીનારાયણ મુખ્ય મંદિર ખાતે ચેરમેન દેવનંદન સ્વામી, કોઠારી પૂજય પ્રેમસ્વરૂપદાસજી તથા પૂજય પી.પી. સ્વામી સહિતના સંતોના માર્ગદર્શન હેઠળ શ્રી સ્વામીનારાયણ મુખ્ય મંદિર ખાતે સેવાકીય અને ધાર્મિક કાર્યક્રમો સતત કરવામાં આવી રહ્યા છે. દુર દુરથી આવનારા ભાવિકોને માટે પ્રસાદ-ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. દર પૂનમે અહીં ભાવિકોનો મોટો પ્રવાહ દર્શનાર્થે ઉમટી પડતો હોય છે અને દેવાના દર્શન કરી ભાવવિભોર બને છે.

# રતનધાયરા પરિવારના કુળદેવી માતાજીનો હવન યોજાશે

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૦

વેરાવળ નજીક આવેલા સીમાર મુકામે આવેલ રતનધાયરા પરીવારના કુળદેવી માતાજીનો હવન આગામી તા.૨૪ ના મંગળવારે રાખેલ છે જેમાં બીડું હોમવાનો સમય બપોરે બે વાગ્યાનો રાખેલ છે અને ત્યારબાદ પ્રસાદી-ભોજન રાખેલ હોય જેનો સર્વે રતનધાયરા પરીવારજનોને લાભ લેવા એક યાદીમાં જણાવેલ છે.

# લોઢવા ગામનું ગૌરવ



(જાદવ ભોળા દ્વારા)

લોઢવા તા.૨૦

લોઢવા ગામે લોઢવા કન્યા પ્રાથમિક શાળામાં ધો.૬માં ભણતી બે વિદ્યાર્થીનીઓ વિશ્વા અરજનભાઈ વાઢેર અને કેયુરી ધનજીભાઈ વાઢેર કે જેમણે લોઢવા કન્યા શાળામાં પ્રેકટીસ કરીને આણંદ ખાતે રાજયકક્ષાની ગુજરાત સ્ટેટ કરાટે ચેમ્પીયનશીપ-૨૦૨૩માં શાળા વતિ પ્રતિનિધિત્વ કરીને કેયુરી વાઢેરે(૨૨ કિલો)માં ગોલ્ડ મેડલ અને વિશ્વા વાઢેરે (૨૪ કિલો)માં બ્રોંઝ મેડલ મેળવીને લોઢવા કન્યા પ્રાથમિક શાળા અને સમસ્ત ગામનું ગૌરવ વધારેલ છે જેની તમામ ગ્રામજનો હર્ષની લાગણી અનુભવે છે.

# ગીર સોમનાથ જીલ્લા પોલીસ દ્વારા આવતીકાલે પોલીસ સંભારણા દિવસ મનાવવામાં આવશે



(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૨૦


૨૧મી ઓકટોબર સમગ્ર દેશમાં પોલીસ સંભારણા દિવસ તરીકે મનાવાય છે. જેના અનુસંધાને ગીર સોમનાથ જીલ્લા પોલીસ એકમ જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાના નેતૃત્વમાં વેરાવળ એસટી પોલીસ સવારના ૮ વાગ્યે ખાસ શ્રધ્ધાંજલી પરેડનું આયોજન કરાયું છે. જેમાં ૧ સપ્ટેમ્બર ૨૦૨૨ થી ૩૧ ઓગષ્ટ ૨૦૨૩ એમ એક વર્ષ દરમ્યાન જે પોલીસ અધિકારીઓ, કર્મચારીઓનું ફરજ પર અથવા હિંસક બનાવોમાં, ધરતીકંપ, હોનારત જેવા કારણોસર ફરજ ઉપર મૃત્યુ થયું હોય તેમની યાદરૂપે પોલીસ સંભારણા દિવસ મનાવાશે. આ પ્રસંગે સમગ્ર દેશ માટે નિયત કરેલી સ્પીચનું વાંચન કરવામાં આવશે. પછી જનરલ સેલ્યુટ અને શોકદર્શક બ્યુગલ વગાડી સાવધાન પોઝીશનમાં ઉભા રહી શહિદોને સલામતી આપવામાં આવે છે.

# આવતીકાલે સાતમા નોરતે માં કાલરાત્રીની પૂજા

સાતમું નોરતું માતા કાલરાત્રીનું પૂજન માતાજી નવદુર્ગાની સાતમી શક્તિ એટલે કાલરાત્રી માતાજીના શરીરનો રંગ કાળો છે અંધકારમય છે . માતાના વાળ વિખરેલા છે ગળામા વીજળીની માળા પહેરેલી છે તે એકદમ ચમકે છે માતાજીના શ્વાસથી અગ્નિ ઉત્પન્ન થાય છે અને ભયંકર જવાળાઓ નીકળી રહેલી છે . વાહન ગધેડાનું છે

માતાજીના ચાર હાથમાં જમણા હાથોમા વરદાનની મુદ્રા છે તથા આશીર્વાદ માતાજી આપે છે ડાબા હાથમાં લોઢાના કાટાળુ છે તથા ઉપલા હાથમા ખડગ છે એટલે કે કટાર છે . માતાજીનું સ્વરૂપ એકદમ ભયાનક છે . તો પણ માતાજી ભક્તોને શુભફળ આપવાવાળા છે .

માતાજી કાલરાત્રીની ઉપાસના કરવાથી બધી જ પ્રકારની સિધ્ધિ પ્રાપ્ત થાય છે અને બધા જ પાપો અને વિધ્નો દૂર થાય છે . માતાજી



કાલરાત્રી દુષ્ટોનો વિનાશ કરે છે . કાલરાત્રી માતાજીની ઉપાસનાથી ગ્રહબાધા દૂર થાય છે . માતાજીનું ધ્યાન પૂજા કરવી જોઈએ .

કાલરાત્રી માતાજીની ઉપાસનાનો મંત્ર - મંત્ર ઓમ હ્રીં શ્રીં કલીં દુર્ગાતી નાશિન્ય સ્વાહા

નૈવેદ્યઃ માતાજીને ગોળની બનાવેલી વાનગીનું નૈવેદ્ય ધરાવાથી ગ્રહપીડા દૂર થાય છે .

**શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)**

# જૂનાગઢ સત્યમ સેવા યુવક મંડળ દ્વારા આવતીકાલે ગરબી મંડળની બાળાઓને પ્રસાદ ભોજન કરાવાશે

જૂનાગઢ, તા.૨૦

સત્યમ સેવા યુવક મંડળ દ્વારા પ્રાચીન ગરબીઓની નાની ૧૫૦૦ બાળાઓ માટે પ્રસાદીરૂપે ભોજન સાથે "કિન્નર સમાજના માતાજીના રાસ" નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

આવતીકાલ તા.૨૧/૧૦/૨૦૨૩ને શનિવારના રોજ સત્યમ સેવા યુવક મંડળ દ્વારા મયારામ દાસજી આશ્રમ, ગિરનાર રોડ, જૂનાગઢ ખાતે સુંદર આયોજન કરવામાં આવ્યું છે જેમાં જૂનાગઢની પ્રાચીન ગરબીઓની નાની નાની ૧૫૦૦ જેટલી બાળાઓને પ્રસાદરૂપે ભોજન કરાવવામાં આવશે. સાથે દરેક બાળાઓને કટલેરીની કીટ પણ આપવામાં આવશે. વિશેષમાં જૂનાગઢ કિન્નર સમાજ (જય માતાજી)નો ગ્રુપ રાસ, ખાસ આકર્ષણનું કેન્દ્ર રહેશે. પ્રજ્ઞાચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત કન્યા છાત્રાલયની અંધ બાળાઓનો રાસ પણ રાખવામાં આવેલ છે. સવારના ૧૦થી ૧૧ કલાકે કિન્નર સમાજ ગ્રુપ રાસ સાથે અંધ બાળાઓનો રાસ તેમજ ૧૧ વાગ્યાથી ૨ સુધી ભોજનનો કાર્યક્રમ યોજાશે. સેવાભાવી મિત્રો તથા દાતાઓને ઉપરોક્ત પ્રસંગમાં ખાસ ઉપસ્થિત રહેવા માટે ભાવભર્યું આમંત્રણ આપવામાં આવે છે. આ કાર્યક્રમ આવતીકાલ તા.૨૧/૧૦/૨૦૨૩ને શનિવારના રોજ સત્યમ સેવા યુવક મંડળ દ્વારા મયારામ દાસજી આશ્રમ, ગિરનાર રોડ, જૂનાગઢ ખાતે સુંદર આયોજન કરવામાં આવ્યું છે તેમ યાદીમાં જણાવેલ છે.ક

# માળીયા હાટીના તાલુકાના ૬૮ ગામોની પવિત્ર માટી અમૃત કળશમાં એકત્ર કરાઈ

## સરપંચ - સ્થાનિક પદાધિકારીઓ પોતાના ગામની પવિત્ર માટીને તાલુકા કક્ષાના કળશમાં પધરાવી




જૂનાગઢ, તા.૨૦

મારી માટી, મારો દેશ - માટીને નમન, વીરોને વંદન કાર્યક્રમ અંતર્ગત આજે માળીયા હાટીના ખાતે તાલુકાના ૬૮ ગામોની પવિત્ર માટીને સંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમાની પ્રેરક ઉપસ્થિતિમાં અમૃત કળશમાં પધરાવવામાં આવી હતી.

માળીયા હાટીના તાલુકા પંચાયત કચેરી ખાતે આયોજિત આ કાર્યક્રમમાં તાલુકાના ગામોના સરપંચ તથા સ્થાનિક પદાધિકારીઓ પોતાના ગામની પવિત્ર માટે લઈને અહીં પહોંચ્યા હતા. તેમણે સાથે લઈ આવેલ આ માટીને તાલુકા કક્ષાના કળશમાં પધરાવી હતી. આ પ્રસંગે સાંસદ રાજેશભાઈ ચુડાસમાએ જણાવ્યું હતું કે, મારી માટી, મારો દેશ અભિયાન રાષ્ટ્રીય એકતાનું પ્રતિક બન્યું છે. દેશભક્તિના ભાવ સાથે આ અભિયાનમાં લોકો જોડાયા છે. ત્યારે આપણા ગામડાઓની માટીને રાષ્ટ્રીય કક્ષાએ લઈ જવામાં આવશે. જે વિશાળ ભારત દેશને એક સાથે જોડવાનું અને રાષ્ટ્રીય એકતાનું પ્રતિક પણ બનશે.

આ કાર્યક્રમમાં પંચ પ્રાણ પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયા, તાલુકા પંચાયતના પદાધિકારીઓ, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી હરેશ ચૌધરી, ઉપરાંત પોલીસ, આરોગ્ય, વન વિભાગ સહિતના વિભાગના અધિકારી કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા.

# સોમનાથ મંદીર ખાતે ફરવા આવેલ યાત્રીકનું રૂા.૫૦,૦૦૦નું ગુમ થયેલ લેપટોપ તથા કિંમતી સામાન ભરેલ બેગ નેત્રમ શાખાની મદદથી પરત અપાવતી સર્વેલન્સ સ્કોડ

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૦



નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેષ જાંજડિયા જૂનાગઢ રેન્જ તથા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા ગીર સોમનાથ તથા ઈ.ચા. નાયબ પોલીસ અધીક્ષક બી.એસ.વ્યાસ વેરાવળ વિભાગ વેરાવળ નાઓના માર્ગદર્શન મુજબ નવરાત્રી તહેવાર સબબ પ્ર.પાટણ પો.ઈન્સ. વી.એ.ચારણ તથા પ્ર.પાટણ સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઈ. એમ.કે.મોવલીયા તથા એચ.આર.ઝાલા તથા પો.કોન્સ. કૈલાસસિંહ જેસાભાઈ તથા વિપુલભાઈ અમૃતભાઈ તથા પિયુષભાઈ કાનાભાઈ તથા કૃષ્ણકુમારસિંહ કર્ણસિંહ તથા સુનીલભાઈ વિ.સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સોમનાથ મંદીર ખાતે ફરવા આવેલ યાત્રીક બબલુ બાબુરામ સેની રહે.રામપુર સીટી રાજય.ઉતરપ્રદેશ વાળા પો.સ્ટે. આવેલ કે તેઓ તેના પરીવાર સાથે સોમનાથ મંદીર ખાતે ફરવા આવેલ હોય અને રીક્ષામા તેઓનુ લેપટોપ કિ.રૂા.૫૦,૦૦૦/- તથા કિંમતી સામાન ભરેલ બેગ જે રીક્ષામા ભુલથી રહી ગયેલ છે તેઓ પાસે રીક્ષા ચાલક ની ઓળખાન નથી વિ.હકીકત જણાવતા તુરંત જ ઉપરોકત મુજબનો પોલીસ સ્ટાફ ઘટના સ્થળે પહોંચી જઈ અલગ અલગ ટીમ બનાવી નેત્રમ સીસી ટીવી ઈણાજ ટીમના પી.એસ.આઈ બી.ડી.માવદીયા તથા અન્ય સ્ટાફની મદદથી તથા હ્યુમન સોર્સીસના આધારે રીક્ષા ચાલક એજાજ હનીફભાઈ બાગજી રહે વેરાવળ વાળાને રીક્ષા જેના રજી.નં. GJ-૦૭-YY-૨૦૯૭ વાળી સાથે શોધી કાઢી રીક્ષામાં તપાસ કરતા આ કામના અરજદારનું લેપટોપ તથા બેગ મળી આવેલ જે અરજદારને સોપી આપી પ્રસંશનીય કામગીરી કરેલ છે અને પોલીસ પ્રજાનો મિત્ર છે તે ખરા અર્થમાં સાર્થક કરતી પ્રભાસ પાટણ પોલીસનો અરજદારએ આભાર માન્યો હતો.

# કોડીનાર નગરપાલિકા દ્વારા રસ્તાની દીવાલો ઉપર દોરાયા સ્વચ્છતાનો સંદેશ આપતા ભિંતચિત્રો




(પ્રતિનિધિ દ્વારા)

કોડીનાર, તા.૨૦

ગીર-સોમનાથ જિલ્લામાં તા.૧૬ થી ૨૧ ઓક્ટોબર દરમ્યાન જિલ્લાના શહેર અને ગ્રામ્ય વિસ્તારના મ્યુઝીયમ,હેરીટેજ બિલ્ડીંગ, પુરાતત્વીય સાઈટ મહાપુરુષોની પ્રતિમા, નદી, તળાવ, પાણીના સ્ત્રોતો, સમુદ્ર કિનારાની સફાઈ હાથ ધરવામાં આવી રહી છે જે અંતર્ગત ‘‘સ્વચ્છતા હી સેવા’’ સફાઈ અભિયાન હેઠળ કોડીનાર નગરપાલિકા દ્વારા શહેરમાં રસ્તાઓની સાઈડમાં સ્વચ્છતા અંગે લોકોમાં જાગૃતતા કેળવાઈ તે માટે દીવાલો પર ચિત્રો દોરીને લોકોને સ્વચ્છતા માટેનો સંદેશો આપવાનો અનોખો પ્રયાસ કરવામાં આવ્યો છે. જેમાં લોકોને સ્વચ્છતા પ્રત્યે સંદેશ આપવાના હેતુથી કોડીનાર નગરપાલીકા દ્વારા રસ્તાની સાઈડમાં વિવિધ દીવાલો ઉપર કચરો ડસ્ટબીનમાં નાખવો,સફાઈ કરવી સહિતના સંદેશો આપતા ચિત્રો શહેરના રસ્તાની સાઈટ ઉપર કંડારવામાં આવ્યા છે.

# શરદ પવારે આતંકવાદી હુમલાનું સમર્થન કર્યું તે આશ્ચર્યજનક : કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલ



નવીદિલ્હી,તા.૨૦

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધના સંદર્ભમાં દ્વઝઁના સુપ્રીમો શરદ પવારના પેલેસ્ટાઈનને સાથ આપવા અંગેના નિવેદન પર પ્રહારો કર્યા છે.

કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે કહ્યું છે કે, શરદ પવારે હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલાનું સમર્થન ના કરવું જોઈએ. તેમણે કહ્યું કે જે વ્યક્તિ ભારતના સંરક્ષણ પ્રધાન અને મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન રહી ચૂક્યા છે, તેઓ આતંકવાદ સંબંધિત મુદ્દાઓ પર આટલું સામાન્ય વલણ ધરાવે છે તે ખેદજનક છે. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે, સમગ્ર મામલાને લઈને સોશિયલ મીડિયા ઠ (પહેલા ટ્વિટ ) પર લખ્યું છે કે – જ્યારે શરદ પવાર જેવા વરિષ્ઠ નેતા આવું કરે છે ત્યારે તે ખૂબ જ હેરાન કરે છે. ઈઝરાયેલમાં થયેલા હિંચકારા આતંકવાદી હુમલા પર ભારતના વલણ પર તેઓ વાહિયાત નિવેદનો આપે છે.

વિશ્વના કોઈપણ ભાગમાં આતંકવાદના તમામ સ્વરૂપોને વખોડવો જોઈએ.. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે, ટ્વિટર ઉપર એમ પણ લખ્યું છે કે – પવારજી એ જ સરકારનો ભાગ હતા જેમણે બાટલા હાઉસ એક્રાઉન્ટર પર મગરના આંસુ વહાવ્યા હતા અને ભારતની ધરતી પર આતંકવાદી હુમલા દરમિયાન સરકારની સાથે ઊંઘતા રહ્યા હતા. આ સડેલી માનસિકતા હવે તો બંધ થવી જોઈએ. હું આશા રાખું છું કે પવારજી ઓછામાં ઓછા પહેલા રાષ્ટ્ર વિશે પહેલા વિચારશે. એનસીપીના વડા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શરદ પવારે, ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધને લઈને તાજેતરમાં જ મુંબઈમાં પોતાનું નિવેદન આપ્યું હતું. પેલેસ્ટાઈનનું સમર્થન કરતાં તેમણે કહ્યું હતું કે આ યુદ્ધ વિશ્વ શાંતિ માટે ખતરો છે. તેમણે કહ્યું હતું કે ત્યાંની જમીન અને મકાનો જે એક સમયે પેલેસ્ટાઈનના હતા તે ઈઝરાયેલ દ્વારા કબજે કરવામાં આવ્યા હતા.

શરદ પવારે અટલબિહારી વાજપેયીનો હવાલો આપીને કહ્યું કે, ભારતના વડાપ્રધાને પણ પેલેસ્ટાઈનને સમર્થન આપવું જોઈએ. આ દરમિયાન તેમણે એમ પણ કહ્યું કે દેશના પૂર્વ વડાપ્રધાનો, પં. નેહરુથી લઈને ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી અને અટલ બિહારી વાજપેયીએ પણ પેલેસ્ટાઈનને સમર્થન આપવાની વાત કરી હતી. પરંતુ વર્તમાન સરકારે ઈઝરાયેલને સમર્થન આપ્યું છે.

# શાળાના વોટ્સએપ ગ્રુપમાં હમાસની હિંસાનો વીડિયો પોસ્ટ કરનારા છાત્ર સામે કાર્યવાહી

રાંચી, તા.૨૦

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ઘણા દિવસોથી યુદ્ધ ચાલી રહ્યું છે. બંને દેશોના યુદ્ધમાં અત્યાર સુધીમાં હજારો લોકોના મોત નિપજ્યા છે, ત્યારે ઝારખંડના રામગઢની એક ખાનગી સ્કુલમાં હમાસની હિંસાનો વીડિયો વાયરલ થયા બાદ હડકંપ મચી ગયો છે. સ્કુલના વોટ્સએપ ગ્રુપ પર હમાસની હિંસાનો વીડિયો અને કેટલાક અશ્લિલ વીડિયો પોસ્ટ થયા બાદ વહિવટીતંત્રએ મોટી કાર્યવાહી કરી છે. મળતા અહેવાલો મુજબ રામગઢ જિલ્લાની એક ખાનગી સ્કુલના વોટ્સએપ ગ્રુપ પર હમાસ હિંસાનો વીડિયો અને કેટલાક અશ્લિલ વીડિયો પોસ્ટ કરવામાં આવ્યા, સ્કુલના વોટ્સએપ ગ્રુપ પર હમાસની હિંસાનો વીડિયો અને કેટલાક અશ્લિલ વીડિયો પોસ્ટ થયા બાદ વહિવટીતંત્રએ મોટી કાર્યવાહી કરી જ્યારે આ વીડિયો શાળાના બાળકોના વાલીઓએ જોયો તો હંગામો મચી ગયો. પૂછપરછ બાદ જાણવા મલ્યું કે, સ્કુલના જ એક વિદ્યાર્થીએ વીડિયો શેર કર્યા હતા.જ્યારે વાલીઓએ શાળાના બાળકોના સ્માર્ટફોન પર પોસ્ટ થયેલ વીડિયો જોયો તો તેમણે મંગળવારે સ્કુલ પહોંચી પ્રિન્સિપાલને ફરિયાદ કરી. ઉપરાંત વૉટ્સએપ ગ્રુપમાં હમાસ હિંસાનો વીડિયો શેર કરનારા વિદ્યાર્થી સામે કાર્યવાહગી કરવા માંગ કરી. વૉટ્સએપ ગ્રુપમાં વીડિયો શેર કરવા મામલે રજરપ્પા પોલીસ સ્ટેશનના પ્રભારી હરિનંદન સિંહે કહ્યું કે, આ ઘટના એક ખાનગી શાળાના વૉટ્સએપ ગ્રુપ છે. ગ્રુપના સેટિંગ્સથી વીડિયોને ડિલીટ કરી દેવાયા છે અને આ વૉટ્સએપ ગ્રુપ પર શેર કરવા પર પ્રતિબંધ લગાવી દેવાયો છે. ઉપરાંત સ્કુલે વીડિયો શેર કરનાર વિદ્યાર્થીને વૉટ્સએપ ગ્રુપમાંથી હટાવી દીધો છે. આ ઘનટા અંગે જિલ્લાના ડીસી ચંદન કુમારે કહ્યું કે, આ ઘટના અંગે તપાસ કરાશે અને દોષિત સામે કાર્યવાહી કરાશે. ઉલ્લેખનિય છે કે, ભારતીય સરકારે ઈઝરાયેલમાં હમાસના હુમલા બાદ ત્યાં રહેતા ભારતીયો માટે મહત્વની એડવાઈઝરી બહાર પાડી હતી. ભારતીય દૂતાવાસે પણ ત્યાં રહેતા તમામ ભારતીયોને સાવધાન રહેવા અને સુરક્ષા પ્રોટોકોલનું પાલન કરવા માટે કહ્યું. ઉપરાંત કામ વગર બહાર ન નિકળવાની અને સુરક્ષા સ્થળોની નજીક રહેવાની સલાહ આપી છે.

# જૂનાગઢ : વાણંદ સોસાયટી ખાતે આવેલા લીંબોચ માતાજીનાં દર્શને આવતા ભાવિકો

જૂનાગઢ, તા.૨૦



દાતાર રોડ ઉપર આવેલ વાણંદ સોસાયટી ખાતે સમસ્ત વાણંદ સમાજનાં આદ્ય કર્મ દેવી શ્રી લીંબોચ માતાનું મંદિર આસ્થાનાં પ્રતીક સમું આવેલ છે. આ મંદિર માં નવરાત્રી માં ભાવિકો બહોળી સંખ્યામાં દર્શન કરવાં આવે છે. આ મંદિરમાં ચૈત્રી માસ અષ્ટમીનાં દિવસે લીંબોચ માનો હવનનું આયોજન કરવામાં આવે છે. આ મંદિરની માહિતી આપતા વાણંદ સમાજનાં આગેવાન બટુકભાઈ ગોહેલ તેમજ અમુભાઈ વાઢેર જણાવે છે કે, આ લીંબોચ માનું મંદિરની સ્થાપનાને અંદાજે ૨૬ વર્ષ જેવું થયેલ છે. અહીં આખું વર્ષ ધાર્મિક કાર્યક્રમ થતાં રહે છે. આ વર્ષથી નવરાત્રી મહોત્સવ અંતર્ગત અમર નાથ મહાદેવ ગરબી મંડળ દ્વારા ગરબીનું આયોજન કરવામાં આવેલ છે.ખાસ એ કે આ લિબોચ માંનું મંદિર જૂનાગઢ શહેરમાં એક માત્ર જાહેર મંદિર છે.



નવરાત્રીમાં પણ એક ટાણા ચાલું જ રાખજો મંદીમાં રાહત થશે અને વજન પણ ઉતરશે !



તમારે નોરતામાં દરરોજ રાત્રે મારી સાથે ઘરમાં દાંડીયા અને રાસ રમવાના છે ! સમજયા ?

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# સંકટનાં સમયમાં નાગરિકોનું દાયિત્વ શું છે તે આપણે ઈજરાયલ પાસેથી શીખવું પડશે

'આજે એ સ્પષ્ટ કરવું મહત્ત્વપૂર્ણ છે કે પરિવારોએ ઈઝરાયલના પીએમને શું કહ્યું અને તેમણે આખા ઈઝરાયલ રાષ્ટ્રને શું જણાવ્યું. તેમણે કહ્યું કે આપણે આપણું માથું ઊંચું રાખવું જોઈએ અને હમાસ વિરૂધ્ધ જે કરવું જોઈએ તે ચોક્કસ કરવામાં આવે. તેમની સહનશક્તિ અમારી તાકાત છે. જે લોકો સૌથી વધુ દર્દ સહન કરે છે, તેઓ જ અમને સૌથી વધુ તાકાત આપી રહ્યા છે.' સોમવારે ઈઝરાયલના વડાપ્રધાન કાર્યાલયના પ્રવક્તા તાલ હેનરિકે આ વાત કહી.

આ વાતથી અંદાજો લગાવો કે કેમ દુનિયાની એક અબજથી વધુ મુસ્લિમ આબાદીના ભારે વિરોધ છતાં એક કરોડથી પણ ઓછા યહૂદીઓનો આ દેશ કેવી રીતે છેલ્લા ૭૫ વર્ષથી પોતાની જગ્યાએ અટલ છે? એનાથી એ પણ ખબર પડે છે કે રાષ્ટ્રહિતમાં નાગરિકોનો વ્યવહાર કેવો હોવો જોઈએ? એમ કહો કે નાગરિકોનું રાષ્ટ્ર પ્રત્યે શું દાયિત્વ હોય છે, ખાસ કરીને સંકટના દિવસોમાં? આ બોધપાઠ આપણે ભારતીયો તો ચોક્કસ લેવો જોઈએ. અહીં ખાસ ભારતીયોની વાત એટલા માટે, કારણ કે ઈઝરાયલી પીએમઓના પ્રવક્તાનું નિવેદન જોતાં ૧૯૯૯નો કંદહાર વિમાન અપહરણ કાંડ યાદ આવી જાય છે.

પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદીઓએ ૨૪ ડિસેમ્બર,૧૯૯૯ના રોજ ઈન્ડિયન એરલાઈન્સના વિમાન ૮૧૪નું અપહરણ કરી લીધું. આતંકી વિમાનને અફઘાનિસ્તાનથી કંદહાર લઈ ગયા. એ સમયે પણ અફઘાનિસ્તાન પર તાલિબાનનું શાસન હતું. આતંકીઓએ વિમાનના ૧૫૨ યાત્રીઓને બંધક બનાવી લીધા. ત્યારબાદ બંધકોના પરિજનોએ નાગરિક તરીકે શું દાયિત્વ નિભાવ્યું. તેમણે આતંકીઓ સામે ઘૂંટણિયે પડી જવા માટે સરકાર પર દબાણ બનાવવામાં કોઈ કસર ન છોડી. પરિજનો સમૂહ બનાવીને દિલ્હી પહોંચી ગયા અને સરકાર પર જાતજાતનાં લાંછન લગાવવા લાગ્યા. ટીવી ચેનલો તેમના હંગામાનું લાઈવ ટેલિકાસ્ટિંગ કરવા લાગી. સ્વાભાવિક છે કે દુશ્મનોને આ દૃશ્ય બહુ સારું જ લાગતું હશે. એક બંધકના સંબંધી ડો.રાજીવ છિબ્બરે તો વિદેશ મંત્રી જશવંત સિંહને ગુસ્સાથી કહ્યું, 'ત્યારે અપહૃત રુબૈયાને બદલે આતંકવાદીઓ છોડવામાં આવ્યા હતા તો અત્યારે કેમ નહીં?' યાદ રહે કે રુબૈયા સઈદ પૂર્વ કેન્દ્રીય ગૃહમંત્રી અને જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી મુફ્તી મોહંમદ સઈદની પુત્રી છે, જેનું આતંકવાદીઓએ અપહરણ કર્યું હતું. મુફ્તી મોહંમદ સઈદ ત્યારે દેશના ગૃહમંત્રી હતા અને તેમની પુત્રીને છોડાવવા માટે ખૂંખાર આતંકીઓને છોડી મૂક્યા હતા.

ત્યારે સરકારે બંધકોના પરિજનો સાથે કારગિલ યુધ્ધમાં શહીદ થયેલા સૈનિકોની વિધવાઓ સાથે વાત કરાવી. એ વીરાંગનાઓએ કહ્યું હતું કે જો આતંકીઓની શરતો માનવામાં આવશે તો બીજી કેટલીય મહિલાઓ વિધવા થશે. તેમ છતાં અપહૃતોના પરિજનો પર કોઈ અસર ન થઈ. સમય વીતવાની સાથે સાથે સરકાર વિરુદ્ધ તેમનો ગુસ્સો વધતો જ જતો હતો. આ તરફ વિપક્ષી દળોએ પણ આ ગુસ્સાની આગમાં પોતાના રોટલા શેકવાનું શરૂ કરી દીધું. સરકાર પર મુસાફરોને આતંકીઓના કબ્જામાંથી કોઈપણ કિંમતે છોડાવી લાવવાનું દબાણ બનાવવામાં આવ્યું.

તમામ રાજકીય પક્ષો એના પર સહમત થઈ ગયા કે ગમે તે કરવું પડે, રાષ્ટ્રહિતની ગમે તેટલી બલિ ચડાવવી પડે, અપહૃતોને તો છોડાવવા જ છે. સરકારની અંદર પણ એક વર્ગ ચૂંટણીના નુક્સાનના ડરથી બંધકોના પરિજનોને સંતુષ્ટ કરવાનો જોરદાર પક્ષ લીધો. પરિણામે કેટલાય દિવસના શરમજનક ઘટનાક્રમ બાદ હરકત ઉલ અંસારના આતંકી મૌલાના મસૂદ અઝહર અને તેના કેટલાક અતંકી સાથીઓને બદલે બંધકોને છોડાવવામાં આવ્યા. કેટલી શરમજનક વાત છે કે કોઈ બીજું નહીં, પરંતુ તત્કાલીન વિદેશ મંત્રી જશવંતસિંહ ખુદ આતંકીઓને લઈને કંદહાર ગયા.

સવાલ એ છે કે શું દેશ માટે માત્ર સૈનિક અને તેનો પરિવાર જ સર્વસ્વ ન્યોછાવર કરતો રહે? આપણે સામાન્ય નાગરિકોની કોઈ જવાબદારી જ નથી? સવાલ એ છે કે આપણે જો પહેલાં રુબૈયા સઈદ અપહરણ કાંડમાં જ કડક વલણ અપનાવીને આતંકીઓ સામે ઝૂકવાનો ઈનકાર કરી દેતા તો શું કંદહાર કાંડ થાત? શું કંદહાર કાંડમાં બંધક યાત્રીઓના પરિજનો થોડી ધીરજ અને હિંમતથી કામ લેતા, રાજનેતાઓ થોડીવાર માટે રાજકીય નફા-નુકસાન ભૂલીને રાષ્ટ્રહિતને પ્રાથમિકતા આપતા તો શું ભારતનું માથું શરમથી ઝૂક્યું હોત? પરંતુ આપણને હંમેશ માટે નીચાજોણું કરાવતી આ દુઃખદ ઘટના બની.

આપણે એક નાગરિક કે નાગરિક સમૂહ તરીકે યહૂદીઓના મુકાબલે અહીં જ પાછળ રહી જઈએ છીએ અને પાછળ જ શું, તેમની સાથે આપણો તો કોઈ મુકાબલો જ નથી. આપણે એવા લોકો છીએ જે તમામ જવાબદારી સૈનિકો અને સરકારો પર છોડીને આપણા માટે માત્ર અધિકારોની જ વાત કરીએ છીએ. આપણને દિવસ-રાત ચિંતા છે તો માત્ર આપણા અધિકારોની, દાયિત્વની તો આપણને ખબર જ નથી! એવામાં ભારત એક સશક્ત અને સમર્થ રાષ્ટ્ર કેવી રીતે બને? રાષ્ટ્ર માત્ર જમીનનો ટુકડો નથી, રાષ્ટ્ર બને છે ત્યાંના લોકોથી, ત્યાંના નેતાઓથી, શાસન-પ્રશાસનના પ્રતિષ્ઠાનોથી.

યહૂદીઓ આ મામલે આપણો પ્રેરણાસ્રોત બની શકે છે. આપણે આપણી ગુલામીના દિવસો અને આતંકીઓએ આપેલા ઘાથી પણ કોઈ બોધપાઠ ન લીધો. આપણે આજે પણ ખુદમાં ગુલતાન છીએ, રાષ્ટ્રની જવાબદારી તો સૈનિકોની છે, સરકારની છે. આપણી આ જ માનસિકતા દુશ્મનોને તાકાત આપે છે. તેનાથી વિપરિત રાષ્ટ્રહિતમાં હદથી પારની પીડા પણ સહન કરવાની તાકાતને કારણે યહૂદીઓ પર દુનિયાને ભરોસો છે કે હમાસે હુમલો કર્યો તો તેણે ભોગવવું પણ પડશે. શું ભારતને ગંદી નજરોથી દેખનારાને પણ આપણે ક્યારેય એ સંદેશ આપી શકીશું કે ભારતની બરબાદીનું સપનું જોવાનું તો ઠીક, પરંતુ જો સપનું પૂરું કરવાની દિશામાં કોઈ પગલું ભર્યું તો ધરતી પર તેમનું નામોનિશાન નહીં બચે? જો જવાબ ના છે, તો નિશ્ચિત રૂપે આપણે બેપરવા નાગરિક સમૂહના નાતે આ રાષ્ટ્ર પર બોજરૂપ છીએ.

# સિરામિક, એન્જિનિયરિંગ અને મશીન ટૂલ્સ આધારિત રાજયની પ્રથમ વાઈબ્રન્ટ પ્રિ-સમિટ રાજકોટ ખાતે યોજાઈ

રાજકોટ, તા.૨૦

સિરામિક, એન્જિનિયરિંગ અને મશીન ટૂલ્સ આધારિત રાજયની પ્રથમ પ્રી સમિટ રાજકોટ ખાતે યોજાઈ હતી, જેમાં આશરે રૂ.૧૨૮૦ કરોડથી વધુ રકમના રોકાણોના સાત કરાર - એમ.ઓ.યુ. સાઈન થયા હતા.

ગુજરાત સરકારના કૃષિ, પશુપાલન, ગાય સંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામીણ આવાસ અને ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષસ્થાને અને સામાજિક ન્યાય અધિકારિતા અને મહિલા બાળ કલ્યાણ અધિકારી વિભાગના મંત્રી ભાનુબહેન બાબરિયાની વિશેષ ઉપસ્થિતિમાં આ ''આઈકોનિક ઈન્વેસ્ટમેન્ટ એન્ડ પ્રિ-સમિટ'' યોજાઈ હતી. જેનું આયોજન રીજેન્સી લગુન રિસોર્ટ એન્ડ કન્વેન્સન ખાતે રાજ્ય સરકાર દ્વારા યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (ફ્ય્જી)૧૦ની આવૃત્તિના ભાગરૂપે ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન દ્વારા કરાયું હતું.

આ પ્રસંગે મંત્રી રાઘવજી પટેલે અધ્યક્ષસ્થાનેથી ઉદબોધન કરતા કહ્યું હતું કે, આ સમિટ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત જ૨૦૪૭ના સપનાને સાકાર કરવા માટે એક મૂલ્યવાન પ્લેટફોર્મ પ્રદાન કરશે. વડાપ્રધાનશ્રીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ૨૦૦૩માં શરૂ કરવામાં આવેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ બિઝનેસ નેટવર્કિંગ, નોલેજ શેરિંગ અને વ્યૂહાત્મક ભાગીદારી માટેના સૌથી પ્રતિષ્ઠિત વૈશ્વિક ફોરમ તરીકે પ્રસ્થાપિત થઈ છે, અને ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રે દેશનું અગ્રણી રાજ્ય બન્યું છે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની આગામી ૧૦મી આવૃત્તિમાં માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત ઈન્ડસ્ટ્રી લીડર તરીકે વૈશ્વિક નકશા પર સ્થાન મેળવવા માટે સજ્જ થઈ રહ્યું છે.

મંત્રી રાઘવજી પટેલે ગૌરવપૂર્વક ઉમેર્યું હતું કે, વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (ફ્ય્જી) ના પૂર્વાર્ધરૂપે રાજ્ય સરકારે ઉદ્યોગોને અનુરૂપ સરળ નીતિઓ બનાવી છે, જેના અનુસંધાને આ વખતે દરેક જિલ્લામાં સમિટ કરી જિલ્લા સ્તરે ઔદ્યોગિક વાતાવરણ નિર્માણ કરવામાં આવી રહ્યું છે. રાજ્ય સરકાર રાજકોટ ખાતે યોજાયેલી સિરામિક અંગેની પ્રિ-સમિટના આયોજનનો ઉદ્દેશ સિરામિક ઉદ્યોગના પ્રમુખ હિતધારકોને એક મંચ પર એકત્રિત કરવાનો, રોકાણો આકર્ષિત કરવાનો અને ગુજરાતના સિરામિક તેમજ એન્જિનિયરિંગ અને મશીન ટુલ્સ ઉદ્યોગમાં વિકાસની તકોને ઉજાગર કરવાનો છે.

મંત્રી રાઘવજી પટેલે કહ્યું હતુ કે, રાજ્ય સરકાર સિરામિક, શિક્ષણ, બાયોટેકનોલોજી, એડવેન્ચર ટુરિઝમ, હેલ્થકેર અને લાઈફ સાયન્સ, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ વગેરે જેવા ક્ષેત્રોમાં પ્રી-સમિટ સેમિનાર અને કાર્યક્રયોજીમો યોજી રહી છે. રાજકોટ ખાતેની આ પ્રી સમિટનો ઉદ્દેશ નીતિ સુસંગતતા, અસરકારક રોકાણોને સુનિશ્ચિત કરીને સમાવિષ્ટ અને ટકાઉ વિકાસ માટેના પ્લેટફોર્મ તરીકે ફ્ય્જી ને પ્રદર્શિત કરવાનો છે. આ શ્રૃંખલાનો પ્રથમ કાર્યક્રમ સિરામિક, એન્જિનિયરિંગ અને મશીન ટુલ્સ પર આધારિત છે.

જી.આઈ.ડી.સી. જોઈન્ટ મેનેજિંગ ડિરેકટર ડો. નરેન્દ્રકુમાર મીનાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન ધ્વની દલાલે કર્યું હતું.

રાજકોટમાં આયોજિત આ પ્રી સમિટમાં આશરે રૂ. ૧૨૮૦ કરોડથી વધુ રકમના રોકાણોના સાત કરાર - એમ.ઓ.યુ. સાઈન થયા હતા. જેના કારણે ભવિષ્યમાં રોજગારીની તકો સર્જાશે. જિલ્લાના ઔદ્યોગિક વિકાસને વેગ મળશે, સાથે રોજગારીની વિપુલ તકોના કારણે લોકોનું જીવનધોરણ પણ વધુ ઊંચું આવશે.

આ સમિટમાં એમ.ઓ.યુ કરનારમાં મોરબી સિરામિક એસો , રાજકોટ એન્જિ.એસો., સન સાઈનવ વિટરિફાઈડ ટાઈલ્સ ગ્રુપ, ઓરબીટ બેરિંગ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, સતાણી ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ, મિલેનિયન પ્રા. લિમિ., જ્યોતિ સીએનસી ઓટોમેશન લિમિટેડનો સમાવેશ થાય છે.

આ સમિટમાં સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્યો ડો. દર્શિતાબહેન શાહ, રમેશભાઈ ટીલાળા, અગ્રણી રાજુભાઈ ધ્રુવ, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, એમ.એસ.એમ.ઈ. કમિટી ચેરમેન પાર્થભાઈ ગણાત્રા, રાજકોટ એન્જિનિયરીંગ એસોસિએશનના નરેન્દ્રભાઈ પાંચાણી, મોરબી સિરામિક એસોસિએશન પ્રમુખ મુકેશભાઈ કુંડારીયા સહિતના અગ્રણીઓ ઉપરાંત, ઈન્ડિયન સિરામિક સોસાયટીના પ્રેસિડેન્ટ અને પ્રિઝમ જહોનસન લિ.ના ઓપરેશન્સ અને બિઝનેસ હેડના પ્રેસિડેન્ટ સુદીપ્ત સાહા, વર્લ્ડ એકેડેમી ઓફ સિરામિક્સના શિક્ષણવિદ ડૉ. લલિત મોહન મનોકા, ઈન્ડિયાના ટેક્નિકલ સિરામિક્સના મેનેજિંગ ડાયરેક્ટર અને સ્થાપક સંજય સરાવગી, ઈસરો (જીઈ) સ્પેસ એપ્લિકેશન સેન્ટરના ગ્રુપ ડાયરેક્ટર નીતિન ઠાકર તેમજ મધરસન ગ્રુપના દેબજ્યોતિ ભટ્ટાચારજી, કલેક્ટર પ્રભવ જોશી, મ્યુનિસિપલ કમિશ્નર આનંદ પટેલ, એડી.પોલિસ કમિશ્નર વિધિ ચૌધરી, રાજકોટ જી.આઈ.ડી.સી.ના ડી.એમ. આશિષ મારુ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજર કિશોરભાઈ મોરી, જી.આઈ.ડી.સી.ના પ્રાદેશિક મેનેજર તપન પાઠક, રોનક મન્સૂરી, અગ્રણી ઉદ્યોગપતિઓ, રોકાણકારો, શિક્ષણવિદો ઉપસ્થિત રહ્યા હતા. જી.આઈ.ડી.સી. દ્વારા મોરબીથી ૧૨ કિ.મી. દૂર પાનેલી-જાંબુડિયા ગામમાં ૪૨૫ હેકટરમાં સિરામિક પાર્કનું નિર્માણ થશે દેશના ૯૦ ટકા સિરામિકનું ઉત્પાદન મોરબીમાં થાય છે. મોરબી ખાતે પ્રતિ દિન ચાર મિલિયન સ્કેવર મીટર ટાઈલ્સનુ ઉત્પાદન થાય છે. આ સિરામીક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકાર દ્વારા વાઈબ્રન્ટ ગુજરાતની દસમી આવૃત્તિના ભાગરૂપે, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા મોરબીના પાનેલી ખાતે ૪૨૫ હેક્ટર વિસ્તારમાં સ્ટ્રેટેજિક ઈન્ટ્રીગ્રેટેડ સિરામિક પાર્ક ઉભો કરવામાં આવશે. જે અંગેની શોર્ટ ફિલ્મ આ પ્રસંગે પ્રદર્શિત કરવામાં આવી હતી. મોરબીમાં ૧૮૦૦ થી પણ વધુ સિરામિક ઉદ્યોગોના એકમો આવેલા છે. મોરબી જિલ્લાના સિરામિક ઉદ્યોગનું વાર્ષિક ટર્નઓવર રૂ. પચાસ હજાર કરોડ છે અને વાર્ષિક નિકાસ લગભગ રૂ.૧૫૦૦૦ કરોડની છે.

મોરબીની ટાઈલ્સ મોટા ભાગે ઈસ્ટ એશિયા, યુ.એસ, યુરોપ, આફ્રિકા, મિડલ ઈસ્ટમાં નિકાસ કરવામાં આવે છે. હીરાસર એરપોર્ટથી આ પાર્ક ૭૦ કિ.મી. દૂર થશે. જ્યારે નવલખીથી ૪૮ કિ.મી, કંડલાથી ૧૩૯ કિ.મી. અને મુન્દ્રાથી ૧૯૫ કિ.મી.નું અંતર થશે. જ્યારે થાનના સિરામિક એકમોથી ૪૯ કિ.મી. દૂર થશે. આ પાર્કથી સિરામિક ઉદ્યોગને વધુ વેગ મળશે. વાઈબ્રન્ટ ગુજરાત-વાઈબ્રન્ટ રાજકોટ સમિટમાં સિરામિક, એન્જિનિયરિંગ એન્ડ મશીન ટુલ્સ વિષયો ઉપર ચર્ચા કરાઈ. આ સમિટમાં ''સિરામિક આઉટલુકઃ ચેલેન્જીસ, ઓપોર્ચ્યુનિટીઝ એન્ડ વે ફોરવર્ડ'' થીમ પર સુદીપ્ત સાહા, એચ. એલ. રાય, પર્વેશ અગ્રવાલ, લલિતમોહન મનોહા દ્વારા ચર્ચા કરવામાં આવી હતી. જ્યારે એડવાન્સ્ડ સિરામિકઃ ન્યુ એજ એપ્લિકેશન્સ એન્ડ ફ્યુચર પોટેન્શિયલ થીમ ડો. ટી. કાર્થીક, સંજય સર્વાંગી, બી. વી. મનોજકુમાર, ડો. ભાસ્કરપ્રસાદ સાહા, કિંગશુક પોદર દ્વારા પરામર્શ કરવામાં આવ્યો હતો.

મોરબી સિરામિક એસોસિએશન અને રાજકોટ એન્જીનીયરિંગ એસોસિએશન વચ્ચે ર્રૈથવાથી બંને ઉદ્યોગોને વેગ મળશે. સિરામિક ઉદ્યોગને જરૂરી મશીનરી હવે રાજકોટમાં નિર્માણ પામશે, આથી મશીનરીની આયાત નહીં કરવી પડે અને દેશનું હૂંડિયામણ બચાવી શકીશું. બંને ઉદ્યોગો એકબીજાના પૂરક બની રહેશે.

# ખેડુતોનું વર્ષ સુધર્યું : રવિ પાકના ટેકાના ભાવમાં વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી, તા.૨૦

વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની મંત્રિમંડલ સમિતી દ્વારા ૨૦૨૪-૨૫ માટે તમામ જરુરી રવિ પાકના ટેકાના ભાવમાં વધારાને મંજૂરી આપવામાં આવી છે. કન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે સરકારના આ નિર્ણયને વધાવી લીધો હતો અને કહ્યું કે મોદી સરકારના આ નિર્ણયે ખેડૂત કલ્યાણ પ્રતિ પોતાની પ્રતિબદ્ધતા ફરી એકવાર સિદ્ધ કરી છે. સરકારે ઘઉં અને સરસવ સહિત ૬ પાકોની MSP વધારવાનો નિર્ણય કર્યો છે. ઘઉંની MSP વધારીને ૧૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવી છે. આ સિવાય સરસવના MSPમાં પ્રતિ ક્વિન્ટલ ૪૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. ખેડૂતોના ભલા માટે MSPની સિસ્ટમ લાગુ કરવામાં આવી છે. આ અંતર્ગત કેન્દ્ર સરકાર પાક માટે લઘુત્તમ કિંમત નક્કી કરે છે, તેને MSP કહેવામાં આવે છે. આ સિસ્ટમનો ફાયદો એ છે કે જો પાકના બજાર ભાવ ઘટે તો પણ કેન્દ્ર સરકાર આ MSP પર ખેડૂતો પાસેથી પાક ખરીદે છે. તેનો હેતુ ખેડૂતોને નુકસાનીમાંથી બચાવવાનો છે. ભારતમાં ૬૦ના દાયકામાં સરકાર દ્વારા ખોરાકને અછતથી બચાવવા માટે તેની શરૂઆત કરવામાં આવી હતી. સૌ પ્રથમ, ઘઉં પર એમએસપી શરૂ કરવામાં આવી હતી જેથી કરીને સરકાર ખેડૂતો પાસેથી ઘઉં ખરીદી શકે અને તેની પીડીએસ યોજના હેઠળ ગરીબોમાં વહેંચી શકે. કેબિનેટની બેઠકમાં રવિ પાકની MSP (મિનિમમ સપોર્ટ પ્રાઈસ) વધારવાની મંજૂરી આપવામાં આવી છે. કઠોળ-દાળની MSPમાં સૌથી વધુ વધારો થયો છે. મસૂરની MSPમાં ૪૨૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલનો વધારો કરવામાં આવ્યો છે. તેમજ સરસવની MSPમાં ૨૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલનો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચાલો તમને તેના વિશે વિગતવાર માહિતી આપીએ. ઘઉંની MSPમાં પ્રતિ ક્વિન્ટલ ૧૫૦ રૂપિયાનો વધારો થયો છે. માર્કેટિંગ સીઝન ૨૦૨૪-૨૫ માટે, તે ૨૧૨૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલથી વધીને ૨૨૭૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગયું છે. સરસવની MSPમાં પ્રતિ ક્વિન્ટલ ૧૫૦ રૂપિયાનો વધારો થયો છે. માર્કેટિંગ સીઝન ૨૦૨૪-૨૫ માટે, તે ૫૪૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલથી વધીને ૫૬૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગયું છે. જવની MSP પ્રતિ ક્વિન્ટલ રૂ. ૧૧૫ વધી છે. માર્કેટિંગ સીઝન ૨૦૨૪-૨૫ માટે, તે ૧૭૩૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલથી વધીને ૧૮૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગઈ છે. ચણાની MSPમાં પ્રતિ ક્વિન્ટલ રૂ. ૧૦૫નો વધારો થયો છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

કામચોર સિંહથી મહેનતુ કૂતરો વધુ સારો હોય છે.

- અજ્ઞાત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ખોરદાદ-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, આસો સુદ-૬ શ્રી સરસ્વતિ આહવાન તા.૨૦ ઓક્ટોબર ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૬, મુસ્લિમ તા.૪, મૂળ નક્ષત્ર, અતિગંડ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૫૦, સૂ.અ.૬:૨૧

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષઃ મનની મૂંઝવણ મનમાં જ રહે. વ્યર્થ ક્રોધ રહે.
વૃષભઃઅચનાક પ્રવાસ થાય. મહામહેનતે કાર્યમાં સફળતા મળે.
મિથુનઃકાર્યબોજ વિશેષ રહે. શેર-સટ્ટા, લોટરીમાં લાભ મળે.
કર્કઃ આર્થિક લાભ મળે, મનની મુરાદ બર આવે.
સિંહઃ ગૃહસ્થીજીવનમાં આનંદ રહે. વણસેલા સંબંધો સુધરે.
કન્યાઃ કોર્ટ-કચેરીના કાર્યોમાં લાભ થાય. રોકાયેલા નાણાં છૂટા થાય.
તુલાઃ વ્યર્થ ચિંતા દૂર થાય. આનંદપૂર્ણ દિવસ વિતે.
વૃશ્ચિકઃમહત્વના કાર્યમાં સફળતા મેળવી શકશો. તકનો લાભ ઉઠાવજો.
ધનઃ લાંબા સમયથી અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય. મનની મૂંઝવણ દૂર થાય.
મકરઃ વ્યર્થ ક્રોધથી દૂર રહેવું. આંધળો વિશ્વાસ મૂકીને કામ કરવાની વૃત્તિ ટાળવી.
કુંભઃ યશ-માનમાં ભાગીદાર બનશો. આર્થિક લાભ મળે.
મીનઃ સ્વભાવમાં ઉગ્રતા રહે. ધારી સફળતામાં વિલંબ રહે.

## દેવી મહિમા

-કનકચંદ્ર છગનલાલ વ્યાસ

# શક્તિના પ્રભાવની કથા



ઘણા વર્ષો પહેલાની કથા છે. એક વાર પૃથ્વી લોક ઉપર ભયંકર દુષ્કાળ પડ્યો. પરિસ્થિતિ ખૂબ જ વિકરાળ થઈ ગઈ. અન્ન-જળ વિના મનુષ્યો, પશુ-પક્ષીઓ મરવા લાગ્યા.

આ ગંભીર પરિસ્થિતિને પામી જઈ લોકો મહાશોકમય બન્યા. તેઓ જુદા-જુદા ઋષિઓ તેમજ મુનિઓને શરણે જઈ આવી પડેલ વિકટ સમસ્યાનો ઉકેલ આણવા માટે પ્રાર્થના કરવા લાગ્યા પરંતુ એ ઋષિઓ અને મુનિઓ આ સંકટને દૂર ન કરી શક્યા. તેમાના કેટલાક ઋષિ-મુનિઓને પરમ ગાયત્રી ઉપાસક ગૌતમ ઋષિ પ્રત્યે ખૂબ જ ઈર્ષ્યા હતી. તેઓએ લોકોને સુચવ્યું કે, ''આ વિકરાળ પરિસ્થિતિનો ઉકેલ એક માત્ર ગૌતમ ઋષિ જ લાવી શકે તેમ છે. માટે તમે સૌ ગૌતમ ઋષિના શરણે જાવ.''

આમ, લોકો સૌ સાથે મળીને ગૌતમ ઋષિના શરણે ગયા. ગૌતમ ઋષિએ સૌને આવકાર આપી પોતાના આશ્રમમાં બેસાડ્યા તેમજ તેમને આવવાનું કારણ પૂછ્યું.

ત્યારે તેમના એક વડિલે ગૌતમ ઋષિને કહ્યું,''હે પૂજનીય, આપ તો જાણો છો કે જગત પર દુષ્કાળે પોતાનો ક્રુર પંજો જમાવ્યો છે. મનુષ્ય, પશુઓ, પક્ષીઓ અન્ન-જળ વિના ટપોટપ મરી રહ્યાં છે. આ મહાભયંકર પરિસ્થિતિમાંથી આપ જ માર્ગ કાઢી શકો તેમ છો તે જાણી અમે તમારા શરણે આવ્યા છીએ. માટે આ મહાસંકટમાંથી માર્ગ કાઢી આપવાની કૃપા કરો તેવી વિનંતી કરવા જ અમે સૌ આપની પાસે આવ્યા છીએ.''

આ સાંભળી ગૌતમ ઋષિએ કહ્યું,''હું પણ આપ સૌ જેવો સામાન્ય મનુષ્ય જ છું. આપ સૌ અહીં રહો સાયંસંધ્યા બાદ હું તમને જણાવીશ કે તમારું વિઘ્ન દૂર થશે કે નહીં.''

સંધ્યા સમયે સંધ્યા વંદન કરી ગૌતમ ઋષિએ મા ગાયત્રીને ખરા અંતઃકરણથી પ્રાર્થના કરી યાદ કર્યા. આથી સાક્ષાત સાવિત્રી દેવી પ્રસન્ન થઈ પ્રગટ થયા. દેવીએ કહ્યું, ''બેટા, તેં મને શા માટે યાદ કરી ?''

ગૌતમ ઋષિ બોલ્યા, ''હે દયાળુ, પરમકૃપાળુ મા, જગતમાં દુષ્કાળે કાળો કેર વર્તાવ્યો છે. ત્યારે તારા બાલુડા તેમજ મુંગા પશુ-પક્ષીઓ તડપી-તડપી અને મરી રહ્યાં છે તમે તે સારી રીતે જાણો છો. માટે લોકોના દુઃખને દૂર કરી આ જગતને ફરી લીલુંછમ બનાવી દો.''

ગૌતમ ઋષિની પ્રાર્થના સાંભળી ભગવતી ગાયત્રી દેવી ''તથાસ્તુ'' કહી અંતર્ધ્યાન થઈ ગયા. પછી ખૂબ જ સારો વરસાદ થયો. જગત ફરી નંદનવન સમું ભાસવા લાગ્યું. આથી ગૌતમ ઋષિના શરણે આવેલા સૌ માતા સાવિત્રી-ગાયત્રી દેવીની અને ગૌતમ ઋષિની જય જયકાર કરવા લાગ્યા. સૌ પોત પોતાના ક્ષેત્રમાં ગયા. ચો તરફ ગૌતમ ઋષિનો જય જયકાર સાંભળી તેના વિરોધી ઋષિ મુનિઓ વધુ ઈર્ષ્યા કરવા લાગ્યા. સૌ વિરોધીઓએ સાથે મળી એક મરવા પડેલી ગાયને ગૌતમ ઋષિની ગૌશાળામાં બાંધી આવ્યા.

વહેલી સવારે ગાયને પૂજવા જનારા ગૌતમ ઋષિ એક પછી એક ગાયને પૂજતા પૂજતા આ અત્યંત બિમાર અને નબળી એવી ગાયને કપાળે તિલક કરવા ગયા ત્યાં જ તે ગાય જમીન ઉપર ઢળી પડી અને મરણ પામી.

ગૌતમ ઋષિ આ ઘટનાથી અત્યંત દુઃખી થઈ ગયા. તેમણે માન્યું કે પોતાના હાથે ગૌ હત્યા થઈ ગઈ. આથી તે વ્યથીત હૃદયે રડવા લાગ્યા. સાથે સાથે ભગવતી સાવિત્રી-ગાયત્રી દેવીનું સ્મરણ કરવા લાગ્યા. તત્કાળ મા સાક્ષાત પ્રગટ થયા. તેમણે ગૌતમ ઋષિને સાંત્વના આપી. તેમજ ગૌતમ ઋષિને તેમની સાથે બનાવટ કરનારા તેમના ઈર્ષ્યાળુના કાવતરાની વાત કરી. તે ઈર્ષ્યાળુને ભગવતી દેવીએ નિસ્તેજ બનાવી દીધા. જ્યારે ગૌતમ ઋષિના તેજમાં વધારો કરી તેના પર પોતાની પૂર્ણ કૃપા ઉતારી.

સ્વપ્નમાં સિધ્ધિ પ્રાપ્તિ માટેનો મત્ર...
''દુર્ગે દેવી નમસ્તુભ્યં સર્વકામાર્થસાધિકે,
મમ સિધ્ધિમસિધ્ધિં વા સ્વપ્ને સર્વ પ્રદર્શય''
- આ મંત્રની દરરોજ ત્રણ માળા કરવાથી સ્વપ્નમાં સિધ્ધિની પ્રાપ્તિ થાય છે.

# સરકારની ૬૦,૦૦૦ કરોડની એફોર્ડેબલ હાઉસિંગ સબસિડી સ્કીમ : આ યોજના માટે સરકાર શા માટે ઝડપ કરી રહી છે ?



નવી દિલ્હી તા.૨૦

૪ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ શહેરી ગરીબો માટે હોમ લોન પર રૂા.૬૦,૦૦૦ કરોડની વ્યાજ સબસિડી પ્રદાન કરવા માટે નવી સસ્તી હાઉસિંગ યોજનાની એક્સપેન્ડિચર ફાઈનાન્સ કમિટી (EFC) દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. આ અંગે માત્ર ન્યૂનતમ વિગતો આપવામાં આવી હતી. આ યોજના પાંચ વર્ષ માટે હશે અને રૂા.૫૦ લાખ સુધીની હોમ લોન પર વાર્ષિક આશરે ૩-૬% વ્યાજ ઓફર કરશે. એક ક્રેડિટ-લિંક્ડ સ્કીમ (CLS) ૨૦૧૫- ૨૦૨૨ની વચ્ચે કાર્યરત હતી જેણે ૨૫ લાખથી વધુ ઘરોને આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે ૬.૫%થી મધ્યમ-આવક જૂથ II (MIG-II) લાભાર્થીઓ માટે ૩% સુધીની વ્યાજ સબસિડી પૂરી પાડી હતી. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે સરકાર આવી ઉદાર વ્યાજ સબસિડી આપવા માટે ઉતાવળમાં આ યોજના શા માટે લાવી રહી છે ?

શું આ જુગાર કામ કરશે ? ૯ જૂન, ૨૦૧૪ના રોજ સંસદના સંયુક્ત સત્રને ભારતના રાષ્ટ્રપતિના સંબોધનમાં મોદી સરકારના એજન્ડા માટેના મહત્ત્વાકાંક્ષી આવાસને છટાદાર રીતે રજૂ કરવામાં આવ્યું હતુંઃ જ્યારે રાષ્ટ્ર તેની સ્વતંત્રતાના ૭૫ વર્ષ પૂર્ણ કરશે, ત્યાં સુધીમાં દરેક પરિવાર પાસે પાકું ઘર હશે. પાણીનું કનેક્શન, શૌચાલયની સુવિધા, 24x7 વીજળી પુરવઠો હશે. સરકારે અફોર્ડેબલ હાઉસિંગ સેગમેન્ટ માટે જૂન ૨૦૧૫માં પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)-હાઉસિંગ ફોર ઓલ મિશન શરૂ કર્યું હતું. ક્રેડિટ-લિંક્ડ સબસિડી (CLS) દ્વારા પોષણક્ષમ આવાસનો પ્રચાર એ ચાર પ્રોગ્રામમાંથી એક હતો, જેમાં ઝૂંપડપટ્ટીના રહેવાસીઓનું પુર્નઃ વસન, જાહેર અને ખાનગી ક્ષેત્રો સાથે ભાગીદારીમાં પરવડે તેવા આવાસ અને લાભાર્થીના વ્યક્તિગત મકાન બાંધકામ/વધારા માટે સબસિડીનો સમાવેશ થાય છે. CLS યોજના કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે, જેનો તમામ ખર્ચ ભારત સરકાર ઉઠાવે છે. PMAY-U ડેશબોર્ડ પર ઉપલબ્ધ નવીનતમ પ્રગતિ અહેવાલ મુજબ, સરકારે આ યોજના હેઠળ કુલ ૧૧૮.૯૦ લાખ મકાનો મંજૂર કર્યા હતા, જેમાંથી ૭૭.૧૬ લાખ પૂર્ણ થયા છે. આ મકાનોમાંથી ૨૫.૦૪ લાખ મકાનો CLS યોજના હેઠળ મંજૂર કરવામાં આવ્યા હતા જેમાં વ્યાજ સબસિડી આપવામાં આવી હતી. રિપોર્ટમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે, ભારત સરકારે PMAY-U યોજનાઓ ઉપર (રૂા.૨ લાખ કરોડની કુલ પ્રતિબદ્ધતામાંથી) ૧,૪૩,૯૦૯ કરોડ રૂપિયા ખર્ચ્યા છે. આમાંથી રૂા.૫૮,૮૬૮ કરોડ CLS યોજના ઉપર બાકી વ્યાજ સબસિડી ઉપર ખર્ચવામાં આવ્યા હતા, જે અગાઉથી ચૂકવવામાં આવ્યા હતા. ૨૦૨૩-૨૪ માટે CLS યોજના માટે કોઈ બજેટ જોગવાઈ ન હોવાથી ૨૫.૦૪ લાખ મકાનો માટે વ્યાજ સબસિડીની તમામ જવાબદારી સંપૂર્ણ રીતે વિતરિત કરવામાં આવી છે. ૨૫.૦૪ લાખ મકાનો માટે રૂા.૫૮,૮૬૮ કરોડની ચૂકવણી પ્રતિ લાભાર્થી રૂા.૨.૩૫ લાખ જેટલી થાય છે. નવી પરવડે તેવા આવાસ યોજના માટે EFC દ્વારા મંજૂર કરાયેલ રૂા.૬૦,૦૦૦ કરોડ, CLS યોજના હેઠળ ખર્ચવામાં આવેલા રૂા.૫૮,૮૬૮ કરોડની નજીક છે. આ સ્કીમમાં કાર્પેટ એરિયા, ઘરની આવક અને વ્યાજ સબસિડી માટે લાયક હાઉસિંગ લોન ઉપર ટોચમર્યાદા હતી. કાર્પેટ વિસ્તારની દૃષ્ટિએ, ઈઉજી, LIG, MIG-I અને MIG-II અનુક્રમે ૩૦, ૬૦, ૧૬૦ અને ૨૦૦ ચોરસ મીટરની ટોચમર્યાદા ધરાવે છે. ઘરગથ્થું આવકની મર્યાદાના સંદર્ભમાં તે EWS માટે રૂા.૩ લાખ, LIG માટે રૂા.૩-૬ લાખ, HIG I માટે રૂા.૬-૧૨ લાખ અને HIG II માટે રૂા.૧૨- ૧૮ લાખ હતી. આ આવક મર્યાદામાં થોડો ફેરફાર થઈ શકે છે. CLSમાં વ્યાજ સબસિડી માટે પાત્રતા ધરાવતી હાઉસિંગ લોન EWS અને LIG માટે રૂા.૬ લાખ MIG-I માટે રૂા.૯ લાખ અને MIG-II માટે રૂા.૧૨ લાખની મર્યાદા હતી, જો કે, લાભાર્થીઓ બેંકો અને નાણાકીય સંસ્થાઓ પાસેથી વધુ લોન લઈ શકે છે. CLS હેઠળ હાઉસિંગ લોન મેળવવા માટે કોઈ ઉચ્ચ મર્યાદા ન હતી. ૬/૯/૧૨ લાખની મર્યાદા માત્ર વ્યાજ સબસિડી માટે હતી. હાઉસિંગની ખરીદીના ડેટા સૂચવે છે કે, સસ્તા આવાસની માંગ (જેને આકસ્મિક રીતે રૂા.૫૦ લાખ કે તેથી ઓછી કિંમત તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે) મેટ્રો ટાઉન્સમાં પ્રવાહ ગુમાવી રહી છે, બેંક અને નોન- બેંક લોન ડેટા સૂચવે છે કે, હાઉસિંગ લોનની માંગ થોડી ઠંડી પડી રહી છે. સરકાર ઈકોનોમીમાં સ્ટીલ, સિમેન્ટ અને કન્સ્ટ્રક્શનની માંગને આગળ વધારવા માટે આતુર હોઈ શકે છે. મધ્યમવર્ગીય મતવિસ્તાર આ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. CLS, હાઉસિંગ લોન ઉપર આવકવેરા છૂટ સાથે સરકાર લોકસભાની ચૂંટણી પહેલા આ મતવિસ્તાર સુધી પહોંચવા આતુર હોઈ શકે છે. જો કે, સરકાર ચૂંટણી પહેલા આ યોજનાને બહાર પાડી શકશે નહીં.


**શું સરકાર ૨૦૧૯ના પીએમ કિસાન મોડલને અનુસરી શકે છે ? :-**

PM કિસાન યોજના, વચગાળાના બજેટ ૨૦૧૯-૨૦માં જાહેર કરાયેલ અને બજેટમાં હપ્તાઓમાં માત્ર રોકડ ચૂકવણી કરવામાં આવી હતી, જે તેના લાભાર્થીઓના બેંક ખાતામાં એક બટનના ક્લિક ઉપર ચૂકવી શકાય છે. એફોર્ડેબલ હાઉસિંગ ઈન્ટરેસ્ટ સબસિડી સ્કીમમાં લાંબી પ્રક્રિયા હશે. જમીનના પ્લોટ અથવા મકાન/એપાર્ટમેન્ટને બાંધવા અથવા ખરીદવા માટે, લોન માટે બેંકમાં જવાનું, બેંક દ્વારા મંજૂર કરવું, સરકારને ૨૦ વર્ષથી વધુ ચૂકવવાપાત્ર વ્યાજના પ્રવાહની વર્તમાન કિંમત નક્કી કરવી અને મંજૂરી માટે મહિનાઓ લાગે છે. લોકસભાની ચૂંટણી પહેલા લાભાર્થીઓની નોંધપાત્ર સંખ્યા માટે આ શરૂ થવાની કોઈ શક્યતા નથી. લોકસભાની ચૂંટણી પહેલા આ યોજનાને મંજૂરી આપવાનો અને શરૂ કરવાનો કોઈ અર્થ નથી.

# માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ ધરાવતા ૮૦ ટકા ભારતીયો સારવાર લેતા નથી : ડોક્ટર્સ

(એજન્સી) તા.૨૦

ડોક્ટરોએ જણાવ્યું છે કે, માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ ધરાવતા એંસી ટકા ભારતીયો સારવાર લેતા નથી, કારણ કે તેમનામાં જાગૃતિનો અભાવ, ઉપેક્ષા અને કલંકનો ડર હોય છે. તેઓએ કહ્યું કે માનસિક સમસ્યાઓના વ્યાપક સ્પેક્ટ્રમને સમજવા અને સમયસર મદદ મેળવવા માટે શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્ય વિશે જાગૃતિ એ શિક્ષણ પ્રણાલીનો અભિન્ન ભાગ હોવો જોઈએ. AIIMSના મનોચિકિત્સા વિભાગના પ્રોફેસર ડૉ. નંદકુમારે જણાવ્યું હતું કે, માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ વિશે લોકોમાં જાગૃતિ અને સમજણનો અભાવ છે. તેથી સ્થિતિનું નિદાન થતું નથી. જ્યાં સુધી કોઈને ખબર ન પડે કે તે અથવા તેણી બીમાર છે, તો તેઓ કેવી રીતે સારવાર લેશે? ઘણી વખત જ્યારે તેમના લક્ષણો ઓળખવામાં આવે છે અને સારવાર શરૂ કરવામાં આવે છે તે સમય વચ્ચે મોટો તફાવત હોય છે, આમ તેમની જટિલતાઓ વધી જાય છે. માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓમાં વ્યાપક સ્પેક્ટ્રમ હોય છે, જેમાં અનિદ્રા, હળવી ચિંતા અને ડિપ્રેશનથી લઈને મૂડ ડિસઓર્ડર, વળગાડ અને મનોવિકૃતિ છે, જે દર્દી માટે ચોક્કસ સમસ્યાને સમજવામાં અથવા તો કોઈ બીમારી છે કે કેમ તે ઓળખવાનું મુશ્કેલ બનાવે છે. ડૉ. કુમારે જણાવ્યું હતું કે, માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ ધરાવતા લોકોના મોટા ભાગ માટે યુવાનોમાં ઘણીવાર આવી સમસ્યા કિશોરાવસ્થાના મુદ્દાઓ તરીકે ખોટી રીતે ઓળખવામાં આવે છે અને તેને અવગણવામાં આવે છે. તદુપરાંત, માનસિક રીતે બીમાર તરીકે લેબલ થવાનો ડર અને સમાજમાં ભેદભાવ એ ઘણીવાર લોકોને સારવાર લેવાથી વિમુખ કરે છે. મનોવૈજ્ઞાનિક સૃષ્ટિ અસ્થાના કહે છે કે ખર્ચનો પરિબળ અને ઉપચારમાં લાંબો સમય લાગે છે એ પણ લોકોને મદદ મેળવવાથી અટકાવે છે. મેન્ટલ હેલ્થ દ્વારા તાજેતરમાં આયોજિત માનસિક સ્વાસ્થ્ય ઉત્સવના મુખ્ય સંયોજક અસ્થાનાએ જણાવ્યું હતું કે, ખાનગી સેક્ટરમાં સારવારનો ખર્ચ ઘણો વધુ હોય છે જ્યારે સરકારી સેટઅપ્સમાં ઘણો ધસારો હોય છે અને લોકો આ અસુવિધામાંથી પસાર થવા માંગતા નથી. માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓના નિરાકરણમાં અન્ય એક અવરોધ પ્રોફેશનલ્સની ઉપલબ્ધતાનો અભાવ છે. મનોચિકિત્સકોની સંખ્યા ૨૦૧૬માં ૬,૦૦૦થી વધીને ૨૦૨૩માં ૯,૦૦૦ થઈ ગઈ છે. સાથે જ મનોવૈજ્ઞાનિકોની સંખ્યામાં પણ વધારો થયો છે. પરંતુ માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓની તીવ્રતા પણ વધી રહી છે. NCRBના



ડેટા મુજબ, આત્મહત્યાની સંખ્યા ૨૦૧૬માં આશરે ૧.૩ લાખથી વધીને ૨૦૨૧માં ૧.૬૪ લાખ થઈ ગઈ છે. માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ ડોકટરોમાં અસામાન્ય નથી. તાજેતરના અભ્યાસ મુજબ, મોટી હોસ્પિટલોમાં લગભગ ૮૦ ટકા તબીબી વ્યાવસાયિકો ડિપ્રેશન સહિતની વિવિધ બીમારીઓ ધરાવે છે, જે કેટલાક કિસ્સાઓમાં આત્મહત્યા તરફ દોરી શકે છે. અસ્થાનાએ જણાવ્યું હતું કે આત્મહત્યાનો મુદ્દો વિદ્યાર્થીઓમાં વધુ છે, તે માત્ર મનોવૈજ્ઞાનિકો અને મનોચિકિત્સકોની સંખ્યામાં વધારો થતાં તેને સંબોધિત કરી ન શકાય. તેણીએ જણાવ્યું હતું કે, અન્ય પગલાં જેમ કે સામાજિક સંકલનને પ્રોત્સાહન આપવું, શારીરિક અને માનસિક પ્રવૃત્તિ અને સાંસ્કૃતિક એકીકરણ વધારવા જેવા મહત્વપૂર્ણ પરિબળો પણ કામ કરી શકે છે. ઘણા યુવાનો કિશોરાવસ્થામાં હતાશા, માદક દ્રવ્યોના દુરૂપયોગ, ચિંતા, અનિદ્રા, ડિજિટલ ઉપકરણો ઉપર નિર્ભરતા અને અન્ય વ્યસનોથી પીડાય છે જે ક્યારેક આત્મહત્યા તરફ દોરી જાય છે. અમે વારંવાર આત્મહત્યાના અહેવાલો જોઈએ છીએ, જેમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના કોચિંગ હબ, IIT, IIM અને તબીબી સંસ્થાઓ મુખ્ય છે. આ માટે અમારે એક વ્યાપક કાર્યક્રમની જરૂર છે જે માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ વિશે જાગૃતિ લાવવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે અને બીમારીઓને કેવી રીતે અટકાવવી તે અંગે માહિતી આપે. માનસિક સ્વાસ્થ્યને શારીરિક સ્વાસ્થ્યથી અલગ કરી શકાતું નથી અને બંને એકબીજા સાથે જોડાયેલા છે. ડૉ. કુમારે જણાવ્યું હતું કે શાળા અને કૉલેજ સ્તરે મન અને શરીર વિશે જાગૃતિ લાવવા માટે એક કાર્યક્રમ વિકસાવવાની જરૂરિયાત છે જેનાથી માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓનું વહેલી તકે નિદાન કરી શકાય છે. આ અંગે વ્યાપક આરોગ્ય અંગેની ચર્ચાઓ જરૂરી છે.

# હવે હાઈવે ઉપર વધુ દંડ ભરવા માટે તૈયાર થઈ જાવ કારણ કે, સરકાર નવા AI કેમેરાનો ઉપયોગ કરશે

નવી દિલ્હી, તા.૨૦

જો તમને લાગતું હોય કે હાઈવે ઉપરના કેમેરા માત્ર ડ્રાઈવિંગની ઝડપ તપાસવા માટે જ છે તો ફરી વિચારજો. મુખ્ય ટ્રાફિક ઉલ્લંઘનોને શોધવા માટે સરકાર ટૂંક સમયમાં AI-સક્ષમ કેમેરા રજૂ કરી શકે છે AI, ઓપ્ટિક ફાઈબર કેબલ્સ (OFC) ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને 5G કોમ્યુનિકેશનથી સજ્જ સરકાર હાઈવે ઉપર કડક ટ્રાફિક નિયમો લાગુ કરવાની યોજના ધરાવે છે. જો કે, તમને લાગે છે કે, તમે હમણાં માટે ખોટી લેનમાં ડ્રાઈવિંગ કરવાથી બચી શકો છો પરંતુ ખૂબ જ ટૂંક સમયમાં આમ કરવા માટેનો દંડ વધી શકે છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)એ અદ્યતન અને દુરગામી એડવાન્સ્ડ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ (ATMS) ધોરણો અને વિશિષ્ટતાઓ ૨૦૨૩ને અમલમાં મૂકવા માટે તેની અપડેટ કરેલી નીતિ બહાર પાડી છે. ટ્રાફિક નિયમો લાગુ કરવા અને માર્ગ સલામતી સુધારવા માટે સરકાર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ઉપર ખૂબ વિશ્વાસ રાખે છે. જ્યાં સુધી નવી નીતિનો સંબંધ છે NHAI વર્તમાન VIDS કેમેરાને નવી રજૂ કરાયેલ વીડિયો ઈન્સિડેન્ટ ડિટેક્શન અને એન્ફોર્સમેન્ટ સિસ્ટમ (VIDES) સાથે બદલવાનું વિચારશે. નવી સિસ્ટમમાં ટ્રિપલ રાઈડિંગ, હેલ્મેટ અને સીટબેલ્ટનું ઉલ્લંઘન ખોટી લેન અથવા દિશામાં ડ્રાઈવિંગ હાઈવે અને રાહદારીઓના ક્રોસિંગ ઉપર પ્રાણીઓની હાજરી સહિત ૧૪ વિવિધ ઘટનાઓને ઓળખવાની ક્ષમતા છે. માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય દ્વારા એક નિવેદન અનુસાર ઓળખાયેલી ઘટનાના આધારે VIDES રૂટ પેટ્રોલિંગ વાહનો અથવા એમ્બ્યુલન્સને એલર્ટ કરશે, ઈ-ચલાન જનરેટ કરશે નજીકના વેરિયેબલ મેસેજિંગ બોર્ડ ઉપર રિલે એલર્ટ કરશે અથવા રાજમાર્ગ યાત્રા મોબાઈલ એપ દ્વારા નજીકના પ્રવાસીઓને સૂચનાઓ મોકલશે. આ કેમેરા રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર દર ૧૦ કિ.મી.એ સ્થાપિત કરવાની યોજના છે અને દરેક ૧૦૦ કિ.મી. ઉપર વિવિધ કેમેરા ફીડને સંકલિત કરતા કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર હશે. આ ઉપરાંત વ્હીકલ સ્પીડ ડિટેક્શન સિસ્ટમ (VSDS) હવે VIDESમાં સંકલિત કરવામાં આવી છે જે ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નિશન (ANPR) કેમેરાના ઉપયોગને શ્રેષ્ઠ બનાવે છે, નિવેદનમા ઉમેર્યું. આ ઉપરાંત ટ્રાફિક મોનિટરિંગ કેમેરા સિસ્ટમ (TMCS)ને પણ અપગ્રેડ કરવામાં આવશે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર દર ૧ કિ.મી. ઉપર સ્થિત આ કેમેરા અકસ્માતો અને અટકેલા વાહનોની સ્વચાલિત તપાસ જેવી અદ્યતન ક્ષમતાઓથી સંપન્ન છે.

# ચા ક્યારેય ફરીથી ગરમ કરીને પીવી ન જોઈએ : આવું શા માટે ?



ભારતમાં ચા એ સૌથી પ્રિય ગરમ પીણાં પૈકી એક છે. લગભગ દરેક વ્યક્તિ દરરોજ ઓછામાં ઓછા બે વખત ચા પીવે છે. ખાસ કરીને ચા બનાવીને ૪ કલાકથી વધુ સમય સુધી મૂકી દીધા પછી તેને ફરીથી ગરમ કરવાથી સ્વાસ્થ્ય માટે જોખમ ઊભું થાય છે :

૧. બેકટેરિયાની વૃદ્ધિઃ ફૂગ અને બેકટેરિયા જેવા સૂક્ષ્મજંતુઓ આ બચી ગયેલી ચામાં વૃદ્ધિ પામે છે, જે સ્વાસ્થ્ય માટે સંભવિત જોખમો તરફ દોરી જાય છે.

૨. ફૂડ પોઈઝનિંગના જોખમો : ચામાં રહેલા બેક્ટેરિયા, ખાસ કરીને દૂધની ચા, ૪૧ અને ૧૪૦ ડિગ્રી ફેરનહીટ વચ્ચે ઝડપથી વૃદ્ધિ કરે છે અને ફરીથી ગરમ કરવાથી તે નષ્ટ થશે નહીં અને દૂધની ચા દાણાદાર રચના વધુ ખરાબ સ્વાદ અને અપ્રિય હોઈ શકે છે.

૩. પોષક તત્વો ઘટે છેઃ હર્બલ ટી જ્યારે ફરીથી ગરમ કરવામાં આવે ત્યારે તેના પોષક તત્વો અને ખનિજો નષ્ટ પામે છે. આવશ્યક તેલ અને ફાયદાકારક સંયોજનો નાશ પામે છે. આમ ફરીથી ગરમ કરવામાં આવેલી ચા ઓછી પૌષ્ટિક અને સંભવિત હાનિકારક છે.

૪. પેટની સમસ્યાઓઃ સતત ફરીથી ગરમ કરેલી ચા પીવાથી પેટમાં અસ્વસ્થતા, ઝાડા, પેટનું ફૂલવું, ઉબકા અને અન્ય પાચન સમસ્યાઓ થઈ શકે છે. ચા ના લાંબા સમય સુધી સંગ્રહથી વધુ ટેનીન છૂટું પડે છે, જેનાથી કડવો સ્વાદ આવે છે. ચા યોગ્ય રીતે કેવી રીતે બનાવવીઃ ચા વધુ ઉકાળીને ન બનાવવી જોઈએ અને શરૂઆતમાં દૂધ અને ખાંડ ઉમેરવાનું ટાળવું જોઈએ. તેના માટે આ પગલાં અનુસરવા જોઈએ :

૧. પાણી ઉકાળો અને તેને ગરમીથી દૂર રાખો.

૨. ચાના પાંદડાને ગરમ પાણીમાં ૩-૪ મિનિટ માટે પલાળવા દો. 'ઉકાળવા' તરીકે ઓળખાતી આ પ્રક્રિયા ચાના પોષણ, સ્વાદ અને સુગંધ સચવાઈ રહે છે. ચાના પાંદડાને પાણીમાં સીધું ઉકાળવાથી જરૂરી તત્વો નષ્ટ થઈ શકે છે.

## ભારત-કેનેડા વિવાદ છતાં વિદ્યાર્થીઓને નુકસાન નહીં

# સ્ટડી વિઝાની સફળતાનો દર ૯૦ ટકાથી પણ ઉપર જોવા મળે છે

## વડાપ્રધાને ખાલિસ્તાની આતંકી નિજ્જરની હત્યામાં ભારતનો હાથ હોઈ શકે છે તેવું નિવેદન આપ્યું ત્યારથી બંને દેશો વચ્ચે વિવાદ થયો છે

નવી દિલ્હી, તા.૨૦

હાલમાં ભારત અને કેનેડા વચ્ચેના સંબંધોમાં તણાવ ચાલી રહ્યો છે. તેમ છતાં વિદ્યાર્થીઓ માટે એક સારા સમાચાર એ છે કે કેનેડાએ સ્ટડી વિઝા આપવાનું ચાલું રાખ્યું છે. ભારતીય વિદ્યાર્થીઓમાં હાયર એજ્યુકેશન માટે કેનેડા હોટ ફેવરિટ દેશ છે અને જ્યારે બંને દેશો વચ્ચે તણાવ શરૂ થયો ત્યારે તેમની ચિંતાઓ વધી ગઈ હતી કે હવે શું થશે. ભારતે તો કેનેડાના નાગરિકો માટે વિઝા આપવાનું બંધ કરી દીધું છે. પરંતુ કેનેડાએ સ્ટુન્ટ વિઝા આપવાનું ચાલું રાખ્યું છે. જે વિદ્યાર્થીઓ હાલમાં કેનેડા અભ્યાસ કરવા જવા ઈચ્છે છે તેમની પાસે વિઝા મેળવવા માટેની ઉત્તમ તક છે. જો તેમનો સ્કોર જરૂરી સ્કોરની નજીક હોય તો તેમને પણ વિઝા આપવામાં આવી શકે છે. આવું એટલા માટે કહી શકાય છે કેમ કે વિઝા અરજીઓનો સફળતા દર સતત ઊંચો રહ્યો છે. તે ૮૫ ટકાથી ૯૫ ટકા સુધીનો છે. દેશની આવકારદાયક ઈમિગ્રેશન નીતિઓ હજી પણ આવી છે અને આ નીતિઓ ઘણા લોકો માટે કેનેડિયન સપનાનો માર્ગ વાસ્તવિકતા બનાવે છે. આ પડકારજનક સમયમાં ઉભરી રહેલી સફળતાની ગાથાઓ એ માન્યતાના પુરાવા તરીકે ઉભી છે કે ઘણી બધી પ્રતિકૂળતાઓ સાથે પણ સપના સાચા થઈ શકે છે. એક અથવા બે મોડ્યુલમાં પાંચ સહિત છ બેન્ડનાં IELTS સ્કોર ધરાવતા વિદ્યાર્થીઓ એકંદરે ઈન્ટરનેશનલ ઈંગ્લિશ લેંગ્વેજ ટેસ્ટિંગ સિસ્ટમ સાથે સ્ટડી વિઝા પણ મેળવી રહ્યા છે. PTE (પર્સન ટેસ્ટ ઓફ ઈંગ્લિશ) પરીક્ષામાં પણ જ્યાં ૬૦નો સ્કોર બેન્ચમાર્ક છે, ત્યાં ૫૭, ૫૮ અને ૫૯ના સ્કોર ધરાવતા અરજદારો પણ કેનેડાના વિઝા મેળવે છે. ભારત અને કેનેડા વચ્ચેના વિવાદ પછી પણ પંજાબમાં IELTS અને PTE સેન્ટર્સ ખાસ કરીને દોઆબા પ્રદેશમાં વિદ્યાર્થીઓના વિઝાની સફળતાનો દર ૯૦થી ૯૫ ટકા છે. ઘણા સેન્ટર્સનું કહેવું છે કે ગત મહિના કરતાં હાલમાં તેમના વિઝાના સફળતાનો દર ૧૮-૧૯ ટકા વધ્યો છે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ કહ્યું હતું કે, ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતનો હાથ હોઈ શકે છે ત્યારબાદ બંને દેશો વચ્ચેના સંબંધો વણસ્યા છે. પંજાબમાં સૌથી મોટા IELTS સેન્ટર્સ અને ઓવરસીઝ કન્સલ્ટન્સીઓમાંના એક જાલંધરના જૈન ઓવરસીઝના સુમીત જૈને જણાવ્યું છે કે, અમે દર મહિને ૨૫૦થી ૩૦૦ સ્ટુડન્ટ વિઝા ફાઈલનું પ્રોસેસિંગ કરીએ છીએ અને ગત મહિને પણ અમે આવું જ કર્યું હતું. ગત મહિને અમારા વિઝાનો સફળતા દર ૯૦થી ૯૨ ટકા રહ્યો હતો અને મોટા ભાગની ફાઈલ બંને દેશો વચ્ચે ઊભા થયેલા અણબનાવ બાદ જ પ્રોસેસિંગ થઈ હતી. તેમની કન્સલ્ટન્સીને તાજેતરમાં એક જ દિવસમાં ૨૦૫ વિઝા મળ્યા હતા જેની અરજી ૧૦ ઓગસ્ટ પછી અને સપ્ટેમ્બરમાં કરવામાં આવી હતી. તેમણે ઉમેર્યું હતું કે, બંને દેશો વચ્ચેનું આ સારૂ વર્તન છે કે તેમણે વિવાદની અસર વિદ્યાર્થીઓ ઉપર થવા દીધી નથી અને આ જ કારણે વિઝાના સફળતાનો દર આટલો ઊંચો છે. જોકે, બંને દેશોના તણાવભર્યા સંબંધના કારણે NRIsની મુશ્કેલીઓ વધી ગઈ છે. આ વર્ષે કેનેડાથી ઈન્ડિયા આવવાનો પ્લાન બનાવનારા ઘણા NRI હવે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. ઈન્ડિયાએ કેનેડિયન્સને વિઝા ઈશ્યૂ કરવાનું જ હાલમાં બંધ કરી દીધું હોવાથી મહિનાઓ પહેલા જ ટિકિટ બુક કરાવનારા ઘણા NRIને હવે પોતે ઈન્ડિયા જઈ



શકશે કે કેમ તે સવાલ થઈ રહ્યો છે. એટલું જ નહીં, મોટાભાગના લોકોએ એડવાન્સમાં જે એર ટિકિટ બુક કરાવી દીધી છે તે પણ નોન- રિફન્ડેબલ હોવાથી તેમનો ખર્ચો માથે પડે તેવી પણ પૂરી શક્યતા છે. મુંબઈ સ્થિત એક ટ્રાવેલ એજન્ટનું માનીએ તો ટોરેન્ટો-દિલ્હીની ટુ-વે ટિકિટ જો એડવાન્સમાં બુક કરાવી લેવાય તો તે એકાદ લાખ રૂપિયામાં મળી જાય છે. પરંતુ, જો ટિકિટ ખરીદનારા પાસે વિઝા નહીં હોય તો તે નિશ્ચિત તારીખના રોજ ટ્રાવેલ નહીં કરી શકે, અને તેને પોતે ટિકિટ માટે ખર્ચેલા રૂપિયા ગુમાવવા પડશે. તેમાંય જે લોકોએ વાયા યુરોપ કે પછી મિડલ ઈસ્ટ થઈને આવતી કનેક્ટિંગ ફ્લાઈટની ટિકિટ બુક કરાવી છે તેમને સૌથી વધુ સમસ્યા થશે, કારણકે તેમાં રિફંડ મળવાની શક્યતા ના બરાબર છે. હાલ ચાલી રહેલો વિઝાનો ઈશ્યૂ જો સોલ્વ ના થાય તો એડવાન્સમાં ટિકિટ બુક કરાવનારા હજારો NRIsને નુકસાન ભોગવવું પડશે. કેનેડા માટે ઈન્ડિયા ચોથું સૌથી મોટું એર ટ્રાવેલ માર્કેટ છે, અને દર વર્ષે મોટી સંખ્યામાં કેનેડાથી NRIs ઈન્ડિયા આવે છે અને તેમાંય શિયાળો તો NRIsના આવવાની સીઝન તરીકે જ ઓળખાય છે. જોકે, આ શિયાળામાં કેનેડામાં વસતા અનેક NRIsને ઈન્ડિયા આવવાનું માંડી વાળવું પડે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી.

# ગુજરાતમાં ફિશરીઝ વિભાગમાં જરૂરી એવી ૨૩૦ જગ્યાઓ ખાલી હોય તેમાં ફિશરીઝ કોલેજના ડિગ્રી ધારકોને અગ્રતા આપી સત્વરે ભરતી કરો

### ગુજરાત ફિશરીઝ વિદ્યાર્થી એસો.ના પ્રતિનિધિ મંડળે ફિશરીઝ મંત્રી અને કમિશ્નરને રૂબરૂ મળી રજુઆત પાઠવી




### ફિશરીઝ કોલેજના વિદ્યાર્થીઓના પડતર પ્રશ્નોને લઈ વિસ્તૃત રજુઆત કરાઈ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૦

છેલ્લા બે દસકામાં ગુજરાતના લાંબા દરિયાકિનારે મત્સ્યોદ્યોગ પ્રવૃત્તિ વેગવંતી રીતે વિકસી રહી છે એવા સમયે ગુજરાત સરકારના મત્સ્યોદ્યોગ વિભાગમાં જુદી જુદી અધિકારીઓની ૨૩૦ જગ્યાઓ ખાલી હોય જેના ઉપર ફિશરીઝ કોલેજમાંથી સ્નાતક સહિતની પદવી મેળવતા વિદ્યાર્થીઓની સત્વરે ભરતી કરવા અંગે તથા ફિશરીઝ વિદ્યાર્થીઓના પડતર પ્રશ્નો અંગે ગુજરાત ફિશરીઝ વિદ્યાર્થી એસો.ના હોદેદારોએ કેબિનેટ મંત્રી તથા મત્સ્યોદ્યોગ કમિશ્નરને રૂબરૂ મળી લેખિત રજુઆત પાઠવી માંગણી કરી છે.

ગુજરાત ફિશરીઝ વિદ્યાર્થી એસો.ના પ્રમુખ ધવલ જુંગી સહિતનાએ ફિશરીઝ વિદ્યાર્થીઓના પડતર પ્રશ્નોને લઈ ગાંધીનગર ખાતે મંત્રી રાઘવજી પટેલ, કમિશ્નર નિતીન સાંગવાનની રૂબરૂ મુલાકાત લઈ વિસ્તૃત રજુઆત કરી હતી. જેમાં જણાવેલ કે, એક તરફ ગુજરાત સૌથી લાંબો ૧૬૦૦ કિ.મી. દરિયાકિનારો ધરાવતું રાજ્ય છે. અહીં સંપૂર્ણ દરિયાઈ પટ્ટીનો વિસ્તાર માછીમારી ઉદ્યોગ પર નભે છે. આ ઉદ્યોગ માટે જરૂરી વેપારી માટેના લાઈસન્સ, બોટોના લાઈસન્સ કોલ વેરીફીકેશન, ડીઝલ કાર્ડ, સબસિડી ચુકવણી જેવી તમામ કામગીરી ફિશરીઝ વિભાગની કચેરી કરે છે. જેથી રાજ્યના લાખો માછીમારો માટે આ કચેરી અત્યંત મહત્વની હોવા છતાં છેલ્લા ત્રણ વર્ષથી રાજ્યમાં મોટાભાગની ફિશરીઝ ઓફિસરની જગ્યાઓ ખાલી હોવાથી તેમનું કામ કાજ માત્ર ગાર્ડ થકી ચલાવવામાં આવે છે. જેના લીધે માછીમારોના કામો સમયસર ન થતા હોવાથી હાલાકી ભોગવવી પડે છે.

અમારી જાણ મુજબ હાલ રાજ્યમાં મત્સ્યોદ્યોગ અધિકારીની ૧૦૦, મત્સ્યોદ્યોગના મદદનીશ અધિક્ષકની ૯૦ જગ્યાઓ, મદદનીશ મત્સ્યઉદ્યોગ નિયામકની ૧૦ જગ્યાઓ અને મત્સ્યોદ્યોગ અધિક્ષકની ૩૦ જગ્યાઓ મળી કુલ ૨૩૦ જેટલી જરૂરી અધિકારીઓની જગ્યાઓ ખાલી છે. છેલ્લે ૨૦૧૭ માં ભરતી થયા બાદ કોઈ થઈ નથી. આ ભરતીઓ એટલે ભરવી જરૂરી છે કેમ કે, એકવાકલ્ચર અને આંતરદેશીય મત્સ્યોદ્યોગના મહત્તમ વિકાસ માટે, દરિયાઈ મત્સ્યોદ્યોગ સંસાધનોનું સંચાલન કરવા, વિવિધ મત્સ્યોદ્યોગ સ્કીમનું ગામડાનાં સ્તર સુધી અમલીકરણ અને દેખરેખ, પ્રોસેસિંગ ક્ષેત્રમાં માછલી નિકાસની ગુણવત્તા વધારવા માટે ઉપરોક્ત હોદ્દાની જગ્યાઓ ભરેલી હોવી જરૂરી છે.

વધુમાં રાજ્યની સૌપ્રથમ એવી ફિશરીઝ કોલેજની સ્થાપના વેરાવળમાં વર્ષ ૧૯૯૧-૯૨ માં કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થી અને માછીમાર સમાજની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને અન્ય બે કોલેજો નવસારી અને હિંમતનગર ખાતે શરૂ કરવામાં આવી હતી.આ કોલેજોમાં સ્નાતક, અનુસ્નાતક અને પી.એચ.ડી સુધીનો અભ્યાસ ક્રમ ચાલે છે. કોલેજની સ્થાપના કાળથી હાલ સુધીમાં કુલ ૬૭૭ વિદ્યાર્થીઓએ મત્સ્ય વિજ્ઞાનમાં સ્નાતક, ૧૬૮ વિદ્યાર્થીઓ અનુસ્નાતક અને ૩૩ વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલ છે. હાલમાં કોલેજમાં પ્રતિ વર્ષ સ્નાતક કક્ષાએ ૭૫ તથા અનુસ્નાતક ૩૦ અને પીએચ.ડી. કક્ષાએ ૧૦ જેટલા વિદ્યાર્થીઓની ઈન્ટેક થાય છે. હાલ કોલેજમાં આશરે ૩૫૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહેલ છે. ત્યારે ભરતી પ્રક્રિયામાં લઘુતમ માપદંડ તરીકે ફક્ત BFSC તથા તમામ વર્ગની ભરતીમાં ન્યૂનતમ પાત્રતા તરીકે ફક્ત સ્નાતક ડિગ્રી વાળાને અગ્રતા આપવા અંગે વિદ્યાર્થીઓ વતી રજુઆત કરવામાં આવી હોવાનું જણાવેલ છે.

## વેરાવળ પાલીકાના પુર્વ ઉપપ્રમુખ અને બાંધકામ સમિતિના ચેરમેનને કોન્ટ્રાકટરએ મોબાઈલમાં અને કચેરીમાં ઝપાઝપી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી

"મારા કામમાં આડો કેમ પડે છે ? મને ટેન્ડર ન મળે તેવી ખોટી વાતો શું કામ કરે છે અને મર્યાદામાં રહેજો બાકી સારાવટ નહીં રહે" તેવી કોન્ટ્રાકટરે પૂર્વ ઉપપ્રમુખ અને બાંધકામ સમિતિના ચેરમેનને ધમકી આપેલ : કોન્ટ્રાકટરે પણ પાલીકાના નગરસેવકો સામે ટેન્ડર પ્રક્રિયામાં મનમાની ચલાવી ગેરરીતિ આચરતાના સામા આક્ષેપો કર્યા

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૦

વેરાવળ નગરપાલિકામાં રોડ-રસ્તાના કરોડોના કામોની ટેન્ડર પ્રક્રિયાને લઈ બઘડાટી બોલી હતી. જેમાં કોન્ટ્રાક્ટર દ્વારા પૂર્વ ઉપપ્રમુખ અને બાંધકામ સમિતિના ચેરમેનને ચીફ ઓફીસરની ચેમ્બરમાં તથા મોબાઈલ ફોન ઉપર જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેને લઈ કોન્ટ્રાક્ટર સામે પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. તો રોડ રસ્તાના કામોના ટેન્ડરમાં ગેરરીતી કરતા હોવાના આક્ષેપો કોન્ટ્રાક્ટરે કરતા ચકચાર પ્રસરી છે.

ટોક ઓફ ધ ટાઉન બનેલા કિસ્સાની પોલીસમાંથી પ્રાપ્ત વિગતો મુજબ વેરાવળ પાલીકાના પૂર્વ ઉપપ્રમુખ એવા નગરસેવક કપીલ મહેતાને કોન્ટ્રાકટર રામસી રામએઓબાઈલમાં ફોન કરીને કહેલ કે, તું મારા કામમાં કેમ આડો પડે છે અને મૈને ટેન્ડર ન મળે તેવી ખોટી વાતો શું કામ કરે છે. તેમ કહી બોલાચાલી કરી અપશબ્દો ભાંડી પાલીકા કચેરીએ બોલાવેલ હતા. જેથી કપીલ મહેતા કચેરીએ ગયેલ જ્યાં ચીફ ઓફીસરની ચેમ્બરમાં અધિકારીઓ અને અન્ય નગરસેવકોની હાજરીમાં કોન્ટ્રાકટર રામસી રામએ ઉશ્કેરાઈ જઈ ગાળાગાળી કરી ઉપપ્રમુખ સાથે ઝપાઝપી કરવા લાગેલ હતો. જેથી ત્યાં હાજર સાથીઓએ બંન્ને છોડાવેલ ત્યારે કોન્ટ્રાક્ટર રામસી રામએ આજે તો બચી ગયો હવે મારા હાથમાં આવીશ તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી નીકળી ગયો હતો. બાદમાં કચેરીમાં હાજર વોર્ડ નં.૮ ના નગરસેવક એવા બાંધકામ સમિતિના ચેરમેન બાદલ હુંબલે પણ મૈને કોન્ટ્રાકટર રામસી રામએ મોબાઈલ કરીને "મર્યાદામાં રહેજો બાકી સારાવટ નહીં રહે તેવી ધમકી આપી હોવાનું જણાવેલ હતુ. જેથી ઉપરોક્ત વિગતો સાથે ઉપપ્રમુખ કપીલ મહેતાએ ફરીયાદ આપતા પોલીસે કોન્ટ્રાક્ટર રામસી રામ સામે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પાલીકા કચેરીમાં બનેલ આ બઘડાટીના પગલે થોડા સમય માટે વાતાવરણ તંગ બની ગયુ હતુ. આ કોન્ટ્રાકટર સામે નગરસેવકો ઉચ્ચકક્ષાએ ફરીયાદ કરવા આગળ વધી રહ્યાનું જાણવા મળેલ છે. આ મામલે કોન્ટ્રાકટર રામસી રામએ પણ પુર્વ ઉપપ્રમુખ અને બાંધકામ સમિતિના ચેરમેન સામે ગંભીર આક્ષેપો કરતા જણાવેલ કે, બંન્ને હોદેદારોની મુદત પૂર્ણ થઈ ગઈ હોવા છતાં ટેન્ડર પ્રક્રિયામાં રૂકાવટ ઉભી કરી સરમુખત્યારશાહી ચલાવી પોતાની જ એજન્સીઓના ટેન્ડરો ખોલાવે છે. ગત તા.૧૭ ન રોજ ટેન્ડર ખોલવાની પ્રક્રિયામાં મારી વિષે એલફેલ બોલી આવી જ રીતે ડિસ્કોલીફાઈડ ટેન્ડરો ખોલાવેલ હતા. જે અંગે વાતો કરતા ફોન કરેલ તે સમયે બંન્નેએ ઉગ્ર બોલાચાલી કરી હતી.

## કેશોદ : દરવાજાના ફિટીંગના પૈસા લેવા પ્રશ્ને હુમલો : ત્રણ સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦


કેશોદમાં સુતારવાવ સોનીબજાર, પાલા પારસ જવેલર્સમાં બનેલા બનાવ અંગે પોલીસ ફરિયાદ નોંધાય છે. આ બનાવ અંગે કોયલાણા લાઠીયા ગામ વાડી વિસ્તારમાં રહેતા અમિતભાઈ આંબાભાઈ ચાંડેગરા(ઉ.વ.૪૨)એ પ્રકાશભાઈ પાલા, જલ્પેશભાઈ પાલા, મહેન્દ્રભાઈ વિગેરે સામે એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદીએ આ કામના આરોપી નં-૧ની પાલા પારસ જવેલર્સમાં કાચના દરવાજાના ફીટીંગ કામના બાકી રહેતા રૂપીયા લેવા જતા આરોપી નં-૧નાઓએ ફરિયાદીને વ્યવસ્થીત દરવાજો ફીટ કરી આપવાનું કહી બાદ ફરિયાદી તથા સાહેદ સાથે બોલાચાલી કરી તથા આરોપી નં-૨ને ફોન કરી બોલાવતા આરોપી નં-૨, ઉનાઓ આવી જતા ત્રણેય આરોપીઓએ ફરિયાદી તથા સાહેદ સાથે બોલાચાલી કરી ભુંડી ગાળો બોલી આરોપી નં-૧નાઓએ હથોડી વડે તથા આરોપી નં-ઉનાઓએ તેઓની પાસે રહેલ લાકડી વડે ફરિયાદીને માર મારવાની કોશીષ કરી બાદ આ કામના ત્રણેય આરોપીઓએ દુકાન બહાર ફરિયાદી તથા સાહેદને શરીરે ઢીકાપાટુનો મુંઢ માર મારી આરોપી નં-૧નાઓએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવા કેશોદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### ડારી ગામે મંમાઈ માતાજીના હવનનું આયોજન

વેરાવળ તા.૨૦

વેરાવળ તાલુકાના ડારી ગામે આવેલ મઢમાં મંમાઈ માતાજીના હવનનું આયોજન તા.૨૨ ના રવિવારે આઠમના દિને રાખેલ છે. આ ધાર્મીક પ્રસંગનો સમસ્ત સોરઠીયા રબારી સમાજના લોકોને લાભ લેવા ભુવાશ્રી રામાઆતા નાજાઆતા ચાવડા એ એક યાદીમાં જણાવેલ છે.

## ગીર સોમનાથ જિલ્લામાં આવેલા સ્પા, હોટલોમાં પોલીસની ૧૦ ટીમોએ સઘન ચેકિંગ હાથ ધર્યુ, ક્યાંય ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલતી ન હોવાનું જાણવા મળેલ


(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૦

ગીર સોમનાથ જીલ્લા એલ.સી.બી. તથા એસ.ઓ.જી. સહીતની ૧૦ ટીમો દ્વારા જીલ્લામાં આવેલા સ્પા, કોમ્બ્રિયલ બિલ્ડીંગ, હોટલમાં દેહ વ્યાપારની પ્રવૃતિ અંગે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન કરેલ જેમાં કોઈ ગેરકાયદેસર જણાયેલ નહી અને આ ચેક કરવાની પ્રવૃતિ ભવિષ્યમાં પણ ચાલુ રહેનાર છે.

રાજયમાં સ્પા, કોમ્બ્રિયલ બિલ્ડીંગ, હોટલમાં થતીદેહ વ્યાપારની પ્રવૃતિ રોકવા તેમજ ઝીરો ટોલરન્સની નીતી દાખવી કડક કાર્યવાહી કરવા માટે પોલીસ મહાનિર્દેશકની સુચના અનુસંધાને જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા દ્વારા જીલ્લામાં ચાલતા તમામ સ્પા, કોમ્બ્રિયલ બિલ્ડીંગ, ફાર્મ હાઉસ, રીસોર્ટ તથા ગેસ્ટ હાઉસ, હોટલોનું સઘન ચેકીંગ કરવા અને ગેરકાયદેસર જણાયેથી કાયદેસર કાર્યવાહી કરવા સુચના આપતા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એલ.સી.બી., એસ.ઓ.જી. તથા સ્થાનિક પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ સહિત ૧૦ અધિકારી, ૫૦ સ્ટાફ એમ કુલ ૧૦ ટીમો બનાવી એકી સાથે અલગ અલગ જગ્યાએ ચાલતા સ્પા - ૦૮, ફાર્મ હાઉસ-૦૫, રીસોર્ટ-૦૧, ગેસ્ટ હાઉસ-૦૩, હોટલ-૦૪ એમ કુલ - ૨૧ જગ્યાઓ ચેક કરવામાં આવેલ અને તેઓના સંચાલકોને તેમજ રજીસ્ટરો ચેક કરતા દેહ વ્યાપાર લગત કોઈ ગેરકાયદેસર જણાયેલ નહી અને આ ચેક કરવાની પ્રવૃતિ ખાસ ઝુંબેશ રૂપે ભવિષ્યમાં પણ ચાલુ રહેનાર છે.

## માણાવદર પંથકમાં પકડાયેલ વિદેશી દારૂનો રૂા. ૧ કરોડનો જથ્થો નાશ કરાયો




માણાવદર તા. ૨૦

માણાવદર, બાંટવા, વંથલી ત્રણેય પોલીસ સ્ટેશનમાં છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ તથા વિવિધ શાખાઓ દ્વારા રૂા. ૧ કરોડથી પણ વધુનો વિદેશી દારૂનો જથ્થો પકડાયેલ જેનો બુલડોઝર ફેરવી નાશ કરાયો છે. ત્યારે પ્રજાજનોમાં ચર્ચાઈ થઈ રહી છે કે શું દારૂબંધીનાં ચીથરા ઉડે છે કે શું ? ત્રણ વર્ષ દરમ્યાન વંથલીમાં ૩૪.૩૨ લાખ, બાંટવામાં ૩૪.૯૩ લાખ, માણાવદરમાં ૩૩.૧૪ લાખ મળી કુલ રૂા. ૧.૩૯ કરોડનો જથ્થો પકડાયો છે.

## પ્રાચી તીર્થ ખાતે સદગુરૂ સુપર મેગા નેત્ર નિદાન કેમ્પ તથા હાર્ડવૈદ નિદાન કેમ્પ તથા જનરલ ચેક કપ કેમ્પ યોજાયો

(પ્રતિનિધી દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨૦

પ્રાચી તીર્થ ખાતે સદગુરુ સુપર મેગા નેત્ર નિદાન કેમ્પ શ્રી કોળી સમાજ ભવન પ્રાચી ખાતે યોજાયો હતો આ કેમ્પમાં આજુબાજુ વિસ્તારમાંથી બહોળી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પના દાતા મનસુખભાઈ હીરાભાઈ વાળા બોસન તથા શ્રી પાધેશ્વરી આશ્રમ મટાણા ના ઉપવાસી સંત કરસનદાસ બાપુ તથા ડો. પ્રવીણભાઈ રાઠોડ તથા ડો. ભગીરથ સિંહ રાઠોડ તથા શ્રી તથા ડો. પાલાભાઈ સોલંકી તથા ગોવિંદભાઈ બામણીયા તથા અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર ના પરિવારજનો ના કર કમલો દ્વારા દિપ પ્રાગટય કરી તથા ગાયત્રી પરિવાર ના કાર્યકર્તા પત્રકાર



જાદવભાઈ ચુડાસમા એ કેમ્પને ઉદ્‌બોધન કરીને આ કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો આ તકે વિશ્વના કલ્યાણ તથા સૌનો સદબુદ્ધિ તથા ઉજજવળ ભવિષ્ય તથા ગાયત્રી મહામંત્ર તથા પાંચ મહામૃત્યુંજય મંત્રનો સામુહિક જાપ કરવામાં આવેલ તથા ગાયત્રી પરિવારના સંસ્થાપક વેદમુર્તિ તપોનિષ્ઠ પંડિત શ્રી રામ શર્મા આચાર્યજીના જીવન સંદેશ આવેલ લોકોને હૃદય ગંમ કરવા આહવાન કરેલ હતું આ કેમ્પ ના ડો. પ્રવીણે કુલ ૧૧૨ દર્દીઓ ને તપાસી જેમાં થી ૨૫ દર્દીઓ ને મોતિયાના ઓપરેશન માટે રાજકોટ ખાતે લઈ ગયેલ હતા તથા હાર્ડવૈદ રવિરાજ બેરડીયા તાલાળા તથા મિલનભાઈ ચોવટીયા પ્રાચી પગ સાંધા ના દુખાવાના ૩૦ દર્દીને તપાસી સારવાર આપી હતી તથા ડો.ભગીરથ સિંહ રાઠોડે ૬૦ દર્દીઓને તપાસી અને વિના મૂલ્યે દવા આપી હતી તથા આ તકે દાતા તરફ થી સૌના માટે ચા - પાણી તથા સાદા સુંદર ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા ગોઠવવામાં હતી આ કેમ્પને સફળ બનાવવા માટે કાનાભાઈ સોલંકી (બોસન) તથા નાથાભાઈ સોલંકી (થરેલી) તથા નારણભાઈ વાળા (પાધરૂકા) તથા નરસિંહભાઈ વાઢેર છગિયા તથા રોહિતભાઈ દરબાર અમરાપુર તથા વજુભાઈ ગોહિલ છગીયા તથા રાહુલભાઈ રાઠોડ બોસન તથા ભલુભાઈ વાળા બોસન તથા જુસબભાઈ વડાળા તથા વાલાભાઈ કંટાળા તથા દિવાળીબેન પ્રાચી તથા સોનીબેન ગોરખમઢી તથા પત્રકાર જાદવભાઈ ચુડાસમા પ્રાંચી તથા સેવાભાવી ભાઈ બહેનો દ્વારા ખુબ જ જહેમત ઉઠાવીને આ કેમ્પને સફળ બનાવ્યો હતો.

(તસવીરઃ જાદવભાઈ ચુડાસમા

## લેઉવા પટેલ સંસ્થાના નામનો દુરૂપયોગ કરી અને દ્વારકામાં આવતા દર્શનાર્થીઓ સાથે છેતરપિંડી

(કુંજન રાડીયા દ્વારા)

જાભખંભાળીયા તા.૨૦

દ્વારકામાં વિશ્વવિખ્યાત શ્રી દ્વારકાધીશજીનું મંદિર આવેલું હોય, અહીં દિવસે-દિવસે જુદા જુદા વિસ્તારોમાંથી આવતા યાત્રાળુઓ પ્રવાસીઓની સંખ્યા વધી રહી છે. ત્યારે દ્વારકામાં આવતા યાત્રીકોના હોટેલ, રૂમના ઓનલાઈન બુકિંગ માટે ફેક આઈડી બનાવી ચીટીંગ કરતા શખ્સોની સંખ્યા પણ દિવસે દિવસે વધી રહી છે.

ત્યારે ગઈકાલે વધુ એક ઓનલાઈન ફ્રોડ અંગે લેઉવા પટેલ સમાજના નામની ફેક આઈડી બનાવી, કોઈ ગઠિયાઓએ અહીં આવતા પ્રવાસીઓ સાથે છેતરપિંડી આચરવામાં આવી હોવાનું પોલીસમાં જાહેર થયું છે. આ અંગે દ્વારકામાં ભડકેશ્વર મંદિરની બાજુમાં આવેલા સૌરાષ્ટ્ર લેવા પટેલ સમાજના મેનેજર અંકિતભાઈ બટુકભાઈ કમાણી (ઉ.વ. ૩૧) એ દ્વારકા પોલીસ મથકમાં ધોરણસર ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદમાં જાહેર થયેલી વિગત મુજબ ચોક્કસ નામ અને મોબાઈલ નંબરથી લેવા પટેલ સમાજની ફેક આઈડી બનાવી અને અહીં આવતા દર્શનાર્થીઓ તથા પ્રવાસીઓના રૂમ માટેનું ઓનલાઈન બુકિંગ કરવામાં આવતું હતું. આ માટે કોઈ ચીટર શખ્સો દ્વારા એચડીએફસી બેંકમાં એકાઉન્ટ ખોલાવી અને દર્શનાર્થીઓ તથા પ્રવાસીઓ સાથે સમાજ (ગેસ્ટ હાઉસ)માં રૂમ બુકિંગ કરવાના બહાને આ શખ્સો દ્વારા નાણાં ટ્રાન્સફર કરાવી અને સંસ્થાના નામનો દુરુપયોગ કરવામાં આવતો હતો. લેઉવા પટેલ સમાજના નામથી ફેક આઈડી મારફતે કોઈ શખ્સો દ્વારા વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરવા સબબ દ્વારકા પોલીસે ફેક આઈડી બનાવનારા તેમજ બેંક એકાઉન્ટધારક શખ્સો સામે આઈ.પી.સી. કલમ ૩૪, ૧૨૦ (બી), ૪૦૬, ૪૨૦, ૪૬૭ હેઠળ ગુનો નોંધી, સાયબર ક્રાઈમ સેલ વિભાગના પી.આઈ. એ.વાય. બ્લોચ દ્વારા આરોપીઓને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

### ખંભાળિયાના કેશોદ ગામે ધાર્મિક કાર્યક્રમો યોજાયા

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૦

ખંભાળિયા તાલુકાના કેશોદ ગામે ગ્રામ પંચાયત દ્વારા તાજેતરમાં આ વિસ્તારમાં આવેલા પ્રાચીન એવા શ્રી આવળાઈ માતાજીના મંદિરની જાતરનો મેળો યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા અને માતાજીની જાતર ખૂબ ધામધૂમ પૂર્વક નીકળી હતી. આ પરંપરાગત મેળાની સાથે આવળ ધામ - કેશોદ તથા ગ્રામ પંચાયત દ્વારા આ વિસ્તારના અશ્વપ્રેમીઓ પણ અહીં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેતા હોય, અશ્વદોડનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રેવાલ ચાલ તથા સ્પીડ ચાલ એમ બે પ્રકારની સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ બંને સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવેલા અશ્વોના માલિકોને શિલ્ડ તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

આવળ માતાજીની જાતરમાં મંદિરે દર્શન માટે તેમજ અશ્વદોડ નિહાળવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

## માણાવદરમાં ૬ આંકડાનો તોડ કરનાર કોણ ?

માણાવદર તા. ૨૦

માણાવદર શહેરમાં છેલ્લા ઘણા દિવસોથી ચર્ચા છે કે શહેરનાં એક બ્યુટીછ પાર્લરમાં મહીલાઓ કે જેઓ નામાંકીત મહીલાઓની ખાનગી પાર્ટી ચાલતી હતી. જેમાં બીયર તથા સફેદ પાઉડરની મહેફીલ માણતા હતાં તે દરમ્યાન કોઈ તોડ બાજે ૬ આંકડાનો તોડ કર્યાની ઠેર ઠેર ચર્ચા સમગ્ર શહેરમાં ટોક ઓફ ઘી ટાઉન બની છે. ત્યારે ખરેખર શહેરની મધ્યમાં આવો બનાવ બન્યો છે કે કેમ ? જો બન્યો છે તો તેવી નામાંકીત અને હાઈફાઈ સોસાયટીની કોણ કોણ મહીલાઓ હતી કે જે આવા હાઈફાઈ શોખ રાખે છે ? તેની આમ જનતમાં ચર્ચા થઈ રહી છે. ત્યારે આવી ચર્ચાની ઉડી તપાસ કરવી જોઈએ.

CMYK CMYK CMYK

# જૂનાગઢ મનપાનાં જનરલ બોર્ડમાં બઘડાટી બોલી : ભાજપનાં શાસકો સામે ભાજપ કોર્પોરેટરનો બળાપો

## ગેરકાયદેસર બાંધકામોને બચાવવા માટે એસટીપીએ નદીને વોકળો દર્શાવી દીધો હોવાના આક્ષેપો







(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ મહાનગરપાલિકાના જનરલ બોર્ડની એક બેઠક ગઈકાલે યોજવામાં આવી હતી. આ બેઠક યોજાઈ તે પહેલા જ ધમાચકડી ચોક્કસ થશે તેવા આસાર જણાતા હતા અને થયું પણ એમ જ. ગઈકાલે યોજાયેલી આ બેઠકમાં મનપાના શાસકોને ભાજપના જ કોર્પોરેટરોએ આડેહાથ લીધા હતા. એટલું જ નહી કોર્પોરેટર લલીત પણસારાએ ગંભીર પ્રકારના આક્ષેપો પણ કર્યા હતા અને આ રીતે બોર્ડમાં ગરમાગરમીનું વાતાવરણ રહ્યું હતું.

ગઈકાલે જૂનાગઢ મનપાનું બોર્ડની બેઠક રાખવામાં આવી હતી જેમાં અનેક મુદ્દે ચર્ચાઓ થઈ હતી. ખાસ કરીને જેમાં ગેરકાયદેસર દબાણો, વોકળાના પ્રશ્નો, ચાર-ચાર વર્ષથી ઓવરબ્રિજની વાતો થાય છે તે અંગે આક્રોશ તેમજ આવા ગેરકાયદેસર દબાણો કોણ દુર કરશે ? તેવા સળગતા સવાલો પણ પુછાયા હતા.

કોર્પોરેટર લલીત પણસારાએ એસટીપી બિપીન ગામીતને દબાણની વ્યાખ્યા અંગેનો પ્રશ્ન પુછયો હતો અને બિપીન ગામીતે જણાવ્યું હતું કે ૨૦૧૭ના(૧૭)(૭)ની કલમ મુજબ નદીથી બંને બાજુ ૩૦ મીટર અને વોકળાથી બંને બાજુ ૯ મીટર જગ્યા છોડીને બાંધકામ કરવાનું હોય છે. જો તેની અંદર બાંધકામ થાય તો તે ગેરકાયદેસર ગણાય અને જુના રેકોર્ડ મુજબ કાળવો નદી નથી વોકળો છે અને વોકળા દબાણ અંગે ૧૧૧ને નોટિસ અપાઈ છે. જેમાંથી ૪૨એ જવાબ આપ્યો છે. આ ઉપરાંત વધુ ૧૦૮ને પણ નોટિસ આપવામાં આવી છે. કોર્પોરેટર લલીત પણસારાએ જણાવ્યું હતું કે, વોકળા કાંઠે થયેલા ગેરકાયદેસર દબાણોને બચાવવા એસટીપીએ નદીને વોકળો દર્શાવી દીધો છે. આ ઉપરાંત ભાજનપના શાસનમાં ચાર કોર્પોરેટરોએ વિવિધ મુદ્દે ફરિયાદો રજુ કરી હતી તો બીજી તરફ ટીંબાવાડીની સર્વે નંબર ૧૧૬ની જમીન કે જેના ઉપર હાલ મોતી પેલેસ બિલ્ડીંગ ઉભું છે તેના માટે જે તે સમયે હરરાજી થતા ૮૪ લાખ રૂપીયા ઉપજયા હતા અને હવે આ રૂપીયા કલેકટરને ભરવાનો ઠરાવ કર્યો છે. અમે પૈસા ભરવાની ના નથી કે વિરોધ નથી પરંતુ અમે આ માટે કયાય જવાબદાર નથી. કારણે આ ઠરાવ જે તે બોડીએ કર્યો હોય તે જવાબદાર છે તેવું શાસક પક્ષના કોર્પોરેટરે જણાવ્યું હતું. વિશેષમાં છેલ્લા ચાર વર્ષથી ઓવરબ્રિજ માટે વાતો થાય છે પરંતુ નક્કર કાર્યવાહી થતી નથી. આમ અનેક મુદ્દે તીવ્ર આક્રોશ પણ વ્યકત થયો હતો.

# ગાંધીગ્રામ ગરબી મંડળ જૂનાગઢ દ્વારા નવરાત્રી મહોત્સવની ભકિતભાવપૂર્વક ઉજવણી

## ગઈકાલે જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ લીધી શુભેચ્છા મુલાકાત : ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા જીલ્લા પોલીસ વડાનું કરાયું સન્માન











જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢ શહેરનાં ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલી ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવની ભકિતભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. આ ગરબી છેલ્લા ૬૫ વર્ષથી કરવામાં આવે છે. લોક સાહિત્યકાર ભીખુદાનભાઈ ગઢવી તેમજ જગદીશભાઈ વસાવડા અને ડાયાભાઈ દરજી તેમજ રાજયગુરૂએ ગરબીનું સ્થાપન કરેલ છે. આ ગરબીમાં ૩૦૦થી ૩૧૫ જેટલી બાળાઓ રાસ રમે છે. અને બાળાઓ પાસેથી ટોકન ફી એક રૂપિયો લેવામાં આવે છે. તેમજ બહારનાં વિસ્તારની બાળાઓ પાસેથી રૂા. ૧૦૧ ફાળા પેટે લેવામાં આવે છે. આ ગરબી મંડળનું સંચાલન ૨૦૦૦ની સાલથી ગાંધીગ્રામ ગરબી મંડળ સંભાળી રહેલ છે. સર્વશ્રી વીરાભાઈ મોરી, મહેશભાઈ દવે, નાથાભાઈ આહીર, ડાયાભાઈ મોરી, કેતનભાઈ બામરોટીયા, મેહુલભાઈ કોઠારી, મનસુખભાઈ હડીયલ, ભાવેશભાઈ મોરી, શાહરૂખભાઈ મકવાણા, મેણસીભાઈ વાજા, મજીદભાઈ ચૌહાણ, પ્રફુલભાઈ શાહ, નવનીતભાઈ માંડલીયા, મીતભાઈ કોડીયાતર, યુવા કાર્યકર્તાઓ યશભાઈ જોટાણીયા, ક્રીસભાઈ ચૌહાણ, યશરાજભાઈ ગઢવી વગેરે સેવા આપે છે. જયારે કાર્યકર્તા બહેનોમાં કુસુમબેન મહેતા, બંસીબેન નંદાણીયા, કોમલબેન બામરોટીયા, શીતલબેન મોરી, પુરીબેન કરમટા, હીનાબેન કરમટા, સોનલબેન માળી, વૃંદાબેન ત્રિવેદી વગેરે સેવા આપે છે. જયારે કલાકારો તરીકે મુકેશભાઈ બારોટ, દિવાબેન લાંબા, આયુષભાઈ ડાભી અને ઓરકેસ્ટ્રામાં ભીખુભાઈ ઢોલી, માઈક નિલેશભાઈ મિસ્ત્રી, મંડપ સર્વિસ, ખીમભાઈ સોમાઈ મંડપ સર્વિસ વગેરે સેવા આપે છે. ગાંધીગ્રામ વિસ્તારનાં લોકોનાં સહયોગ સાથે ગાંધીગ્રામ ગરબી મંડળનાં તમામ કાર્યકર્તાઓ દ્વારા શકિતની આરાધનાના પર્વની ભાવભેર ઉજવણી કરવામાં આવી રહી છે. ગઈકાલે ગાંધીગ્રામ ગરબી મંડળ ખાતે જૂનાગઢનાં જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા પણ પધાર્યા હતાં અને આ તકે ગાંધીગ્રામ ગરબી મંડળનાં વીરાભાઈ મોરી અને અગ્રણીઓ દ્વારા જીલ્લા પોલીસ વડાનું મોમેન્ટો તેમજ શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવેલ હતું. અને સન્માનીત કરાયા હતાં તેમ એક યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢની વણઝારી ચોકની ગરબીમાં આવતીકાલે બાળકો સ્કેટિંગ રાસ રજૂ કરશે



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૦

જૂનાગઢના વણઝારી ચોકમાં પ્રાચિન ગરબી થાય છે. આ ગરબીમાં આવતીકાલે શનિવારે સ્કેટિંગ રાસ રજૂ થશે ૫ થી ૧૫ વર્ષના ૨૯ છોકરા છોકરીઓ આ માટે ૧૫ દિવસથી તનતોડ પ્રેક્ટિસ કરી રહ્યા છે. શનિવારે રાત્રિના ૧૦ વાગ્યે વણઝારી ચોકની પ્રાચિન ગરબીમાં સ્કેટિંગ રાસ રજૂ કરશે. આમાં ૫ વર્ષથી લઈને ૧૫ વર્ષ સુધીના નાના બાળકો દિલધડક રાસ રજૂ કરશે. ખાસ કરીને ૫ વર્ષના બાળક પાસે સામાન્ય રાસ તૈયાર કરાવવો પણ અત્યંત મહેનત માંગી લેતું કામ છે. ત્યારે અહિં તો રાસ તૈયાર કરાવવો અને તે પણ સ્કેટિંગ ઉપર. આ માટે બાળકોને કિર્તીબેન ધાનાણી તાલીમ આપી રહ્યા છે. હાલમાં છેલ્લા ૧૫ દિવસથી આ પ્રેકટિસ ચાલી રહી છે. પરંતુ હજુ સુધી કોઈને ઈન્જરી થઈ નથી. સેઈફલી ટ્રેઈનીંગ અપાય છે. ઝાંઝરડા ચોકડી પાસે આવેલ ખુલ્લા વિશાળ પ્લોટમાં બાળકોને દરરોજ સાંજના ૬ થી ૮ સુધી તાલીમ અપાય છે. જોકે, બાળકોમાં નાની વયમાં આટલું ટેલેન્ટ છે પરંતુ તે વધુ પોતાનું ટેલેન્ટ બતાવી શકે તેવી તાલીમ માટે પ્રોપર જગ્યા નથી.

## માણાવદર તાલુકામાં ત્રણ-ત્રણ મહીલાનાં મોત કોના કારણે થયા ?

માણાવદર તા. ૨૦ : માણાવદર તાલુકામાં દિવસમાં ત્રણ-ત્રણ સગર્ભા મહીલાઓના ડીલેવરી દરમ્યાન મૃત્યું થતાં ચર્ચાએ હાહકાર મચાવી દીધો છે. ખરેખર આ મૃત્યું કોના કારણે થયા છે તેની તપાસ કરવા લોકમાંગણી ઉઠવા પામી છે.ખાસ મહીલા માટે કિલકિલાટ નામની એમ્બ્યુલન્સ વસાવી છે ત્યારે ટુંકા ગાળામાં ત્રણ ત્રણ મહીલાના મૃત્યું ખરેખર કયા કારણે થયા ? તે તપાસ કરવી જરૂરી છે.

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ
● સરળ ભાષામાં શિક્ષણ
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી તદ્દન નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ચિપેક વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

ફલેટ વેચવાનો છે
2 BHK ડાઈનીંગ, ફલેટ
2BHK ડાઈનીંગ, નોબલ ટાવર નહેરૂપાર્ક,
દલાલભાઈ આવકાર્ય
મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦

નવરાત્રીની હાર્દિક શુભેચ્છા...
● હરકયુલિસ સાયકલ ● કોરાડો સાયકલ
● હીરો સાયકલ ● બ્રિટીશ ઈગલ સાયકલ
● બીએસએ સાયકલ ● ફન રાઈડ ટ્રાસીકલ
● વિકટર ૯૧ સાયકલ ● દાસ સાયકલ
● હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેકસી
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જયોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮,
તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨